# વીતરાગ ગુણ દર્શન

સંપાદિકા

સા. હર્ષપૂર્ણાશ્રીજી





## સિદ્ધહસ્ત લેખક સ્વ. પૂ. પાદ આચાર્ય પ્રવર
## શ્રી વિજય કનકચંદ્રસૂરીશ્વરજી મહારાજા
## લિખિત-સંપાદિત વર્તમાનમાં પ્રાપ્ત પ્રકાશનો

| ગુજરાતી પ્રકાશન | કિંમત |
|---|---|
| કથારત્ન મંજુષા ભાગ ૧ | ૧૧-૦૦ |
| ,, ,, ભાગ ૨ | ૯-૦૦ |
| બોલે આતમનો એક તારો રે | ૭-૦૦ |
| સફળતાના સોપાન | ૨-૫૦ |
| સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે | ૩-૫૦ |
| શ્રાદ્ધ દિન કૃત્ય દીપિકા | ૪-૦૦ |
| પાર્શ્વપ્રભુના ૧૦ ગણધર ચરિત્ર | ૧૧-૦૦ |
| પ્રાચીન સજ્ઝાયમાલા | ૨-૦૦ |
| દર્શન ભક્તિ સુધા | ૧૧-૦૦ |
| ભક્તિ સુધા માધુરી | ૪-૦૦ |
| દીક્ષા તપ ગીત મંજરી | ૪-૦૦ |
| સમાધિ દર્શન રાસ | ૪-૦૦ |
| સહસ્રકૂટ નામ દર્શન રાસ | ૨-૦૦ |
| ધનનો મદ | ૨-૦૦ |
| પારસનો પ્રભાવ | ૫-૦૦ |
| શ્રમણ શિક્ષા | ૨-૦૦ |
| પર્યુષણ પર્વના અષ્ટાહ્નિકા વ્યાખ્યાનો પ્રતાકાર | ૧૧-૦૦ |
| કનકચંદ્રસૂરિ શ્રદ્ધાંજલિ વિશેષાંક (પાકું બાઈન્ડીંગ, સુંદર દ્વિરંગી કાગળોમાં ફોટા સહિત) | ૧૫-૦૦ |

 અનુસંધાન છેલ્લા પાને

|| ॐ હ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

|| આ. શ્રી. દાન-પ્રેમ-રામચન્દ્ર-કનકચન્દ્રસૂરીશ્વરેભ્યો નમઃ ||

|| સાધ્વીરત્ન શ્રી દર્શનશ્રીજી ગુરુણીભ્યો નમઃ ||

卐

# વીતરાગ ગુણ દર્શન

# યાને

# પ્રાચીન સ્તવનોની

# ત્રણ ચોવીસી

卐

-: સંપાદિકા :-


સ્વ. પૂજ્યપાદ પ્રશાંતવિદુષી પ્રવર્તિની

સાધ્વીરત્ન શ્રી દર્શનશ્રીજી મહારાજના શિષ્યારત્ન

પૂ. સાધ્વીજી મ. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મહારાજ



પ્રકાશક

**વિશ્વ મંગલ પ્રકાશન મંદિર-પાટણ**

: પ્રાપ્તિસ્થાન :

શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિર
મણિલાલ સરૂપચંદ ભાટીયા
કેસર નિવાસ, ગોળશેરી
પાટણ (ઉ. ગુ.) ૩૮૪૨૬૫

પ્રથમ સંસ્કરણ : ૧૦૦૦ નકલ મૂલ્ય રૂા. ૫-૦૦

પ્રસિદ્ધિ : વીર સં. ૨૫૧૪ વિ. સં. ૨૦૪૪
આસો સુદ ૯ તા. ૧૯-૧૦-૧૯૮૮


પાવન સ્મૃતિ

ભવોદધિતારક પરમ કૃપાળુ ગુરુદેવ સ્વ. પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબની છઠ્ઠી સ્વર્ગારોહણ તિથિ.


: પ્રિન્ટર્સ :

કાંતિલાલ જે. શાહ
અલ્કેશ આર્ટસ પ્રિન્ટર્સ
મણીબેન પટેલનો બંગલો, કોચરબ આશ્રમ પાછળ
ડૉ. શ્રેણીક શાહના આંખના દવાખાના સામે
એલીસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬
ફોન : ૭૯૬૪૯

## પરમ કૃપા

પૂજ્યપાદ પરમશાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ
પરમકરુણાનિધાન પ્રવચનપટુ સુવિશાલ સમુદાય અધિપતિ
આચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.

જિનશાસન પ્રભાવક સુપ્રસિદ્ધ વક્તા
સ્વ. પૂ. આચાર્ય પ્રવર શ્રીમદ્ વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મ.

卐

પરમ વાત્સલ્યમૂર્તિ સુવિશુદ્ધ સંયમી
સ્વ. પૂ. પંન્યાસપ્રવર શ્રી સુબુદ્ધિવિજયજી ગણિવર

卐

પ્રશાંતવિદુષી સ્વાધ્યાયમગ્ના પ્રવર્તિની
સ્વ. પૂ. સાધ્વીરત્ન શ્રી દર્શનશ્રીજી મહારાજ

卐

## પાવન પ્રેરણા

પરમ શ્રુતોપાસી આજીવન ગુરુકૃપા પ્રાપ્ત
પૂ. વાચકવર્ય શ્રી મહિમાવિજયજી ગણિવર

卐

# અર્ઘ્યાંજલિ

પૂ. પાદ સંયમ તપોમૂર્તિ પ્રસિદ્ધ વ્યાખ્યાતા જિનશાસન પ્રભાવક સ્વ. આચાર્યવર્ય શ્રીમદ્ વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજાને !

પ્રશાંત, સંયમમૂર્તિ પૂ. ગુરુદેવ !

બાલ્યકાળમાં પરમ પુનિત પ્રવ્રજ્યા સ્વીકારી ત્યાગ, વૈરાગ્ય, સંયમ, સ્વાધ્યાયને તપ, તિતિક્ષા આદિ ગુણ-ગણથી આપે નિજજીવનને જેમ ધન્ય બનાવ્યું છે. તેમ અનેક ભવ્યજીવોના જીવનપથમાં આપ સાચા રાહબર બની સંસારની અનેક વિષમતાઓને સમજાવી કેટલાયે જીવોને સંસાર સાગરથી તારવામાં અને સન્માર્ગમાં સ્થિર કરવામાં તો કેટલાયને સમ્યગ્દર્શન પમાડવામાં લોકોત્તર ઉપકાર કરવાદ્વારા આપે પરજીવનને પણ ધન્ય બનાવ્યું છે, કરૂણાભાવિત માધુર્ય ભરેલું આપશ્રીનું સ્વચ્છ સ્ફટિક સમ નિર્મળહૃદય, પ્રસન્ન મધુર સદાયે સ્મિત વેરતી આપશ્રીની મુખાકૃતિ ભક્ત હૃદયોમાં હજુ પણ અવિસ્મરણીય રહી છે

જૈન શાસનનાં અલંકાર પૂજ્યશ્રી !

૧૧ વર્ષની બાલ્યવયે દીક્ષા ગ્રહણ કરી, ૫૬ વર્ષનો નિર્મળ ચારિત્રપર્યાય પાળી નિજજીવનને ધન્ય બનાવી આપશ્રીએ જૈનશાસનની અનુપમ પ્રભાવના વિસ્તારી છે, જીવનની છેલ્લી ક્ષણ સુધી અપૂર્વ જાગૃતિપૂર્વક આરા-ધના કરી, મૃત્યુને પણ મહોત્સવરૂપ બનાવી આપશ્રી અમર બન્યા છો. તપ, ત્યાગ તથા સંયમી જીવનની

સુવાસથી મઘમઘતો આપશ્રીનાં વડીલ સંસારી પક્ષે બહેન સ્વ. પૂ. પ્રશાંત વિદુષી પ્રવર્તિની સાધ્વીરત્ન શ્રી દર્શનશ્રીજી મહારાજનો સુવિશાળ સાધ્વી પરિવાર ૧૬૫ ની સંખ્યા આસપાસ જૈન શાસનનાં ચરણે સમર્પિત્ બની સુંદર સંયમ આરાધન કરી રહ્યો છે. તે બધાયના યોગ-ક્ષેમની સતત ચિંતા આપશ્રી વાત્સલ્યભાવે કરતા હતા. આપશ્રી તો હવે દિવ્યધામ ભણી સંચર્યાં છો આપશ્રીના તે પ્રભાવશાલી મહાન આત્માને ભક્તિ-ભાવભરી અમારી આ અર્ધ્યાંજલિ

હે, પૂજ્યશ્રી ! જ્યાં હો ત્યાં સ્વીકારશો. અને અદૃશ્ય-પણે પણ અમારા પર કૃપા વરસાવજો.

કૃપાકાંક્ષી

સાધ્વી હર્ષપૂર્ણાશ્રી

# પ્રકાશકના બે બોલ

પરમતારક શ્રી વીતરાગ પરમાત્માની ભક્તિ એ આત્મા માટે પરમશ્રેયનું કારણ છે. પણ એ ભક્તિ મુક્તિના જ એક લક્ષ અને પક્ષ સાથે જ કરવાની છે. એ પરમતારકની ભક્તિ કરતાં કરતાં ભક્તહૃદયની અંદર પણ ભગવદ્ ભક્તિનો પ્રભાવ એવો અજબ ગજબનો પ્રકાશ પાથરી જાય છે કે જેને પરમપદની પ્રાપ્તિ જ હાંસલ કરવાનું મન હોય છે. માટે જ પરમાત્માની સાચી ભક્તિદ્વારા આત્મામાં કોઈ અલૌકિક શક્તિ પેદા થાય છે અને તે ઠેઠ મુક્તિની મંઝિલે આત્માને વિરામ પમાડવામાં સમર્થભૂત છે.

અમારી શ્રી વિશ્વ મંગલ પ્રકાશન મંદિર સંસ્થા અમારા પરમતારક ગુરુદેવ આ. શ્રી વિજય કનકચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજા સાહેબની અલૌકિક દિવ્યકૃપાએ આજે એક પછી એક જીવનોપયોગી પ્રકાશનો પ્રસિદ્ધ કરીને પોતાનું ગૌરવ લઈ રહી છે.

સ્વ. પૂ. ગુરુદેવ આ. શ્રી વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબની ૬ ઠ્ઠી પુણ્યતિથિના પાવન સ્મરણાર્થે પૂજ્યશ્રીના અપાયેલા ૭ મનનીય જાહેર પ્રવચનોથી સંકલિત 'પ્રગતિના પંથે' નામનું એક પુસ્તક અને આ બીજું 'વીતરાગ ગુણ દર્શન યાને પ્રાચીન સ્તવનોની ત્રણ ચોવીશી'નામનું ભગવદ્ ભક્તિનું આ પુસ્તક પ્રગટ કરવા બદલ સંસ્થા પરમ્ આનંદ અનુભવે છે.

આપ સહુ જાણો છો કે સ્વ. પૂ. આચાર્યદેવશ્રીનો જૈન સંઘ પર કેટલો મહાન ઉપકાર છે! તેઓશ્રીએ શાસ્ત્રીય પદ્ધતિથી આત્માને સચોટ સ્પર્શનારા જે મૌલિક પદાર્થો આપ્યા છે તે સાત્ત્વિક, તાત્વિક અને માર્મિક લેખી શકાય એમ છે. અને એ દ્વારા એમણે અપૂર્વ શાસન સેવા બજાવી જૈન સંઘને સુપેરે જે માર્ગદર્શન આપ્યું છે તેનાથી તો ભાગ્યે જ કોઈ અજાણ હશે?

બાલદીક્ષાથી થતા લાભને તેઓશ્રીએ પહેલા નંબરે સિદ્ધ કરી બતાવ્યો છે. સુવિહિત મહાપુરુષોની અનન્ય અમીદષ્ટિ ને અમીવૃષ્ટિ સતત તેઓશ્રી ઉપર વરસતી રહેતી હતી ને તે મહાપુરુષો સ્વ. પૂજ્યશ્રીની અપૂર્વ શાસન નિષ્ઠા અને શાસન સેવાની અપૂર્વ શક્તિને પરમોચ્ચ કોટિની બિરદાવતાં પરમ તોષને અનુભવતાં હતા.

સ્વ. પૂજ્યશ્રી તેમજ તેઓશ્રીના અનન્ય ગુરુભક્ત શિષ્ય શ્રુતોપાસક પૂ. મહોપાધ્યાય શ્રી મહિમાવિજયજી ગણિવર્યની મંગલ પ્રેરણા અને માર્ગદર્શનથી અમારી સંસ્થા આજે ફાલીફુલી બની છે. ઠેર ઠેર જે પ્રસિદ્ધિ પામી છે તે તેઓશ્રીને જ આભારી છે.

સ્વ. પૂ. શ્રીના સંસારીપક્ષે વડીલ બહેન પ્રશાંત વિદુષી પ્રવર્તિની સ્વ. પૂ. સાધ્વીરત્ન શ્રી દર્શનશ્રીજી મહારાજના પરમ વિનેયી શિષ્યારત્ન વિદ્વદ્વર્યા કવયિત્રી પૂ. સાધ્વીજી હર્ષપૂર્ણાશ્રીજી મહારાજે વાચક વર્ય શ્રી વિમલ વિ. મ. ના શ્રી રામ વિ. મ. કૃત, શ્રી જિન-ઉત્તમ વિ. મ. ના પૂ. રતન વિ. મ. કૃત, અને શ્રી પ્રેમ-વિબુધ વિ. મ. ના પૂ. ભાણ વિ. મ. કૃત એમ આ પ્રાચીન ત્રણ ચોવીશીને સંકલિત કરવામાંમહત્વનો ફાળો આપ્યો છે. તેમની પુણ્ય ભાવનાનુસાર આ કૃતિ પૂ. ઉપાધ્યાયજી મ. શ્રીની પાવન પ્રેરણાથી આજે પ્રસિદ્ધ થઇ રહી છે. કોઈ પણ દર્શન સાહિત્યમાં અને વિશેષે કરીને જૈન દર્શનના સાહિત્યમાં સ્તોત્રો અને સ્તવનોનું સ્થાન ઘણું જ ઉંચુ છે. સ્તોત્રો સ્તવનો એ ધર્મ સાહિત્યનું એક વિશિષ્ટ અંગ છે. ભક્તાત્માઓ જ્યારે મધુર સરોદે પરમાત્મ ભક્તિમાં તલ્લીન બનીને સ્તોત્રો સ્તવનો ગાય છે ત્યારે તેમાંથી રચનારની કાવ્યચાતુર્યતા અને બોલનારની પવિત્રતા નિર્ઝરે છે. પ્રાંતે ભક્તિયોગમાં તત્પર ભક્તાત્માઓ આ કૃતિને કંઠસ્થ કરવા દ્વારા નિજ-કલ્યાણ સાધે એજ શુભકામના.

શ્રાવણીપૂનમ
તા. ૨૭ / ૮ / ૧૯૮૮.

નિવેદક
શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિર
પાટણના માનદ મંત્રીગણ

# ભક્તિયોગની મહાનતા

શ્રી વીતરાગ પ્રભુના ગુણનું દર્શન જીવનમાં વીતરાગતાનો ભાવ પેદા કરાવી સાચા વિતરાગી બનાવવા સમર્થભૂત છે. વિશ્વવંદ્ય શ્રી વીતરાગપ્રભુ સારાયે વિશ્વના માત-તાત-ભ્રાત વિગેરે જે કાંઈ પદાર્થ છે તેના શિરમોર છે, તેમના હૃદયમાં ભાવના હોય ? 'સવિ જીવ કરૂં શાસન રસી' આ ભાવનાદ્વારા જગતના તમામ જીવોને શાસનના રસીયા બનાવીને ઠેઠ વીતરાગી સુધી બનાવી દઉં. જ્યારે શ્રી વીતરાગ પરમાત્માના હૃદયમંદિરમાં આપણા સૌના માટેની આ ઉચ્ચ ભાવના વસેલી હોય તો વીતરાગના સેવકને હૃદયમાં શી ભાવના હોય ?

જેમણે અનંતકર્મોનો ક્ષય કરી ઘાતિ-અઘાતિ બધા જ કર્મોને ખપાવી કેવલજ્ઞાન પામી આત્માને પરમાત્મ-દશા સુધી પહોંચાડનાર શ્રી વીતરાગના અનંતાનંત ગુણોનું દર્શન કરવું જેમ સહેલું નથી તેમ તેને શબ્દ દેહ આપીનેય પોતાના હૃદયોદ્ગાર ઠાલવવા એતો એથીય કપરૂં કામ છે. છતાંય મહાપુરૂષો પોતાનાં હૃદયની ભક્તિ, શક્તિ મુજબ કરીને વાચાને ધન્ય બનાવી ગયા છે.

ભક્તિયોગની એજ મહાનતા છે કે જે આત્માને પરમ ઉન્નતિના શિખરો સર કરાવે. ભક્તિયોગમાં તલ્લીન બનેલો આત્મા નિશ્ચે પરમાત્મપદ સુધી પહોંચવાનું પરમ સામર્થ્ય ધરાવે છે.

શ્રી વીતરાગપ્રભુએ આત્માના ગુણપદાર્થ સિવાય જડમૂળમાંથી રાગદ્વેષ આદિ તમામ દોષોને જીવનમાંથી નષ્ટ ભ્રષ્ટ કરીને વીતરાગી બનવા સુધીની જે મંઝિલ

સિદ્ધ કરી તેથી આપણા હૃદયભવનમાં પણ શ્રી વીતરાગના એ અનંત ગુણોનું ગીતગાન કરતાં કરતાં તેમના જેવા બનવાનું પરમ સામર્થ્ય પમાડતી પૂર્વપુરુષોએ રચેલી આ ત્રણ સ્તવન ચોવીશી ક્રમસર 'વાચકવર્ય શ્રી વિમલ વિ. મ. ના પૂ. રામ વિ. મ. કૃત, શ્રી જિન ઉત્તમ વિ. મ. ના પૂ. રતન વિ. મ. કૃત અને શ્રી પ્રેમ-વિબુધ વિ. મ. ના પૂ. ભાણ વિ. મ. કૃત' રચેલી છે. જે ઘણા વર્ષોથી અપ્રાપ્ય હતી. જેનું પ્રશાંતવિદુષી પ્રવર્તિની સ્વ. સાધ્વીવર્યા શ્રી દર્શનશ્રીજી મ. ના શિષ્યારત્ન વિદ્વદ્વર્યા સાધ્વીજી મ. શ્રી હર્ષપૂર્ણાશ્રીજીએ સંપાદન કરીને સુલભ બનાવવાનો પ્રશંસનીય પુરૂષાર્થ કર્યો છે.

અનુપમ વ્યાખ્યાનસુધાવર્ષી ન્યાય તર્કનિપુણ અનેક ગ્રંથ પ્રણેતા મારા સ્વ. પૂજ્યપાદ ગુરુદેવ શ્રી કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજા તથા વડીલ ગુરુભ્રાતા પરમ ગુરુભક્ત પૂ. ઉપાધ્યાયજી મ. શ્રી મહિમાવિજયજી ગણિવરશ્રીના પુણ્યપ્રભાવે વિકાસ પામેલી 'શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિરે, પાટણની સંસ્થાએ જે શ્રુતસેવા બજાવી છે તે પણ અનુમોદનાને પાત્ર છે.

પ્રાંતે શ્રી વીતરાગપ્રભુના ગુણગાનદ્વારા હૃદયમંદિરમાં વીતરાગતાનો ભાવ પેદા કરી આત્મા વીતરાગદશાને પામે એજ મંગલ અભ્યર્થના,

નિવેદક :

નગીનભાઈ પૌષધશાળા
પંચાસરાજીની સામે
પાટણ (ઉ. ગુ.)
ભાદરવા સુદ ૪, તા ૧૫/૯/૮૮
સંવત્સરી મહાપર્વ.

પરમોપકારી પરમતારક પરમકૃપાળુ
સ્વ. પૂ. ગુરુદેવ કનકચન્દ્રસૂરિ
ચરણકિંકર
મુનિ યશકીર્તિવિજય

## પૂ. સાધ્વીજી મ. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી

### 卐 આ પ્રકાશનમાં થયેલા સુકૃત સહભાગી 卐

રૂા. ૧૫૦૧ સ્વ. શાંતિલાલ વર્ધમાનના શ્રેયાર્થે
હસ્તે ઈન્દુમતીબેન હિંમતલાલ પાલીતાણા

૧૧૦૧ પૂ. પાદ દીર્ઘચારિત્રપર્યાયી સાધ્વીજી. મ. શ્રી
ચન્દ્રોદયાશ્રીજી મ.ની શુભ પ્રેરણાથી (જ્ઞાનખાતાના)
પંચતીર્થ એપાર્ટમેન્ટ, પાલડી, અમદાવાદ.

૧૦૦૧ પૂ. સા.મ. શ્રી ચન્દ્રરત્નાશ્રીજી મ.ની પ્રેરણાથી
લીલીબેન અનોપચંદ શેઠ વાપી

૫૦૧ એક સુશ્રાવિકા તરફથી મુંબઈ

૫૦૧ ભુપતરાય હીરાચંદ માટુંગા

૫૦૧ ભારતીબેન કીર્તિકુમાર ઘાટકોપર

૫૦૧ શાંતાબેન વી. શાહ. મુંબઇ–વાલકેશ્વર

૫૦૧ હસુબેન પ્રતાપરાય સાયણ

૨૦૧ શ્રીમતીબેન જસવંતલાલ અમદાવાદ-રંગસાગર

પૂ. પ્રશાંતવિદુષી પ્રવર્તિની સ્વ. સાધ્વીરત્ન

શ્રી દર્શનશ્રીજી મહારાજ



જન્મ: વિ. સં. ૧૯૭૦ * દીક્ષા: વિ. સં. ૧૯૮૩

સ્વર્ગારોહણ: વિ. સં. ૨૦૨૨

# 卐 અનુક્રમણિકા 卐


વિભાગ–૧

શ્રી વિમલ વિજયજી શિષ્ય

**શ્રી રામવિજયજી કૃત ચોવીસી**

પાના નં–૧ થી ૨૨

卐

શ્રી જિન ઉત્તમવિજયજી મ. ના શિષ્ય

**શ્રી રતનવિજયજી કૃત ચોવીસી**

પાના નં–૨૩ થી ૫૧

卐

વિભાગ ૩

**શ્રી પ્રેમ વિબુધના ભાણ વિજયજી કૃત ચોવીસી સ્તવનો**

પાના નં ૫૨ થી ૭૧

卐

**શ્રી ગુરૂભગવંતની સ્તુતીઓ**

પાના નં ૭૨

શ્રી વિમલવિજયજી શિષ્ય

# શ્રી રામવિજયજી કૃત ચોવીસી

## ૧ શ્રી આદિજિન સ્તવન.

(રાગ : હાંરે મારે ઠામ ધરમના સાડા પચવીસ દેશ જો.)

હાંરે આજ મળિયો મુજને, તીનભુવનનો નાથ જો,
ઉદયો સુખ સુરતરૂ મુજ ઘટ ઘર આંગણે રે જો;
હાંરે આજ અષ્ટ મહાસિદ્ધિ આવી મારે હાથ જો,
નાઠા માઠા દહાડા દરિશણ પ્રભુ તણે રે જો ...૧

હાંરે મારે હિયડે ઉલટી ઉલ્લટ રસની રાશિ જો;
નેહ સલૂણી નજર નિહાળી તાહરી રે જો;
હાંરે હું તો જાણું નિશદિન બેસી રહું તુજ પાસ જો,
તાહરે નેહે ભેદી મીંજી માહરી રે જો. ...૨

હાંરે મારી પુગી પૂરણ રીતે મનની હુંસ જો,
દુરજનિયાં તે દુઃખ ભર્યાં આવટશે પડ્યા રે જો,
હાંરે પ્રભુ ! તું તો સુરતરૂ બીજા જાણ્યા તૂસ જો,
તુજ ગુણ હીરો મુજ હિયડા ઘાટે જડ્યો રે જો. ૩

૧

હાંરે પ્રભુ ! તુજ શું મારે ચોળ મજીઠો રંગ જો,
લાગ્યો એહવો તે છે કુણ ટાળી શકે રે જો;
હાંરે પ્રભુ ! પલટે તે તો કાચો રંગ પતંગ જો,
લાગ ન લાગે દુરજનનો કો મુજ થકે રે જો ...૪

હાંરે પ્રભુ ! તાહરી મુદ્રા સાચી મોહનવેલ જો;
મોહ્યો તીનભુવન જન દાસ થઈ રહ્યા રે જો;
હાંરે પ્રભુ ! જે નવિ રંજ્યા તે સુરતરૂને ઠેલિ જો,
દુઃખ વિષવેલિ આદર કરવા ઉમહ્યા જો. ...૫

હાંરે પ્રભુ ! તાહરી ભક્તિ ભીજ્યું માહરૂં ચિત્ત જો;
તલ જિમ તેલે તેલે જેમ સુવાસના રે જો;
હાંરે પ્રભુ ! તાહરી દીઠી જગમેં મોટી રીત જો;
સફળ ફળ્યા અરદાસવચન મુજ દાસના રે જો ..૬

હાંરે મારે પ્રથમ પ્રભુજી પૂરણ ગુણનો ઇશ જો;
ગાતા ઋષભજિનેસર હુંસે મનતણી રે જો,
હાંરે મારે વિમલવિજય વર વાચકને શુભ શિષ્ય જો.
રામે પામી દિન દિન દોલત અતિ ઘણી રે જો ...૭

## ૨ શ્રી અજિતજિન સ્તવન

(રાગ : જય જય આરતિ આદિજિણંદા...

દીઠો નંદન વિજયાનો, નહિ લેખો હરખ થયાનો,
પ્રભુ કીધો મન્ન મયાનો, બોલ પાળો બાંહ્ય ગ્રહ્યાનો. ૧
મુજને પ્રભુપદ સેવાનો, લાગ્યો છે અવિહડતાનો;
મુજ વ્હાલો તે હિયડાનો, જે રસિયો નાથ કથાનો. ૨

ન ગમે સંગ મુજ બીજાનો, જો કેળવે કોડિ કવાનો,
જિણે ચાખ્યો સ્વાદસિતાનો, તેહને ભાવે ધંતુરો શાનો ? ૩

પ્રભુ સાથે લાડ કર્યાનો, માહરે આસંગ સદાનો,
પ્રભુનો ગુણ ચિત્ત હર્યાનો, કહિયે મુજ નહિં વિસર્યાનો. ૪

નહિં છે મારે વિનવ્યાનો, પ્રભુજીથી શું છે છાનો,
શિષ્ય વાચક વિમલવિજયનો, લહે રામ સુબોલ વિજયનો. ૫

## ૩ શ્રી સંભવજિન સ્તવન

(રાગ : રે જીવ માન ન કીજીયે)

મુજરો લ્યોને મારો સાહિબા, ગિરૂઆ ગરીબ નિવાજ
અવસર પામીજી એહવો, અજર ન કરશોજી આજ. ૧

તરૂ આપે ફલ ફુલડાં, જળ આપે જલધાર.
આપ સ્વારથ કો નહિં, કેવળ પર ઉપગાર. ૨

તિમ પ્રભુ જગ જન તારવા, તે લીધો અવતાર;
માહરી વેળાજી એવડો, એ છે કવણ વિચાર. ૩

ખીજમતગાર હું તાહરો, ખામી ન કરૂંજી કોઈ;
બિરૂદ સંભાળી આપણો, હિતની નજરેજી કોઈ. ૪

સંભવ સાહિબ માહરાં તું, મુજ મળીયોજી ઈશ;
વાચક વિમલ વિજયતણો, રામ કહે શુભ શિષ્ય૦ ૫

## ૪ શ્રી અભિનંદનજિન સ્તવન

સંવર રાયના નંદના રે લો,
ત્રિભુવન જન આનંદના રે લો;
મુરતિ મોહન ગારીએ રે લો,
તન ધન જીવન વારિયે રે લો. ૧

મુજરો લીજે માહરો રે લો,
હું છું સેવક તાહરો રે લો;
જગતારક નહિં વિસરો રે લો,
તો મુજને કિમ વિસર્યો રે લો. ૨

જે જેહનાં તે તેહનાં રે લો,
સેવું પાસા કહેનાં રે લો;
અપજસ જગ જે દેવનાં રે લો,
ન કરૂ તેહની સેવનાં રે લો. ૩

જે ફળ ચાખ્યા કાગડે રે લો,
તે હંસો કિમ આભડે રે લો;
આપ વિચારી દેખશો રે લો,
તો મુજ કિમ ઉવેખથો રે લો. ૪

અભિનંદનજિન ભેટીયો રે લો,
ભવસાયર ભય મેટિયો રે લો;
વાચક વિમલ વિજયતણો રે લો,
રામ લહે આણંદ ઘણો રે લો. ૫

## ૫ શ્રી સુમતિજિન સ્તવન

(રાગ : તુમે તો ભલે બિરાજોજી...)

સુમતિ સુમતિ સલૂણા મારા સાહિબા હોજી,
જગજીવન જિનચંદ
ધન ધન ધન માતા મંગલા હોજી,
જિણે તું જાયોરે નંદ. સુ૦ ૧

ગિરૂઆ ગિરૂઆઈ પ્રભુ તાહરી હોજી,
દીઠી જોતાં રે જોર;
તુમગુણ ગણ જે નવિ રંજિયો હોજી,
તે માણસ પણ ઢોર. સુ૦ ૨

અમને અમને તુમારો આયજો હોજી,
જો પણ દાખો ન વેણ;
અધિક અધિક બોલી દાખવે હોજી,
તે તો ઓછાં રે સેણ. સુ૦ ૩

દેખી દેખી તુમ મુખ ચંદ્રમા હોજી,
જે સુખ પામે રે નેણ;
તે મન મન જાણે માહરૂં હોજી,
પણ ન કહાયે રે વેણ. સુ૦ ૪

એકણ એકણ તુમ મેલાવડે હોજી,
સફળ હુઓ અવતાર,
વિમલવિજય ઉવજ્ઝાયનો હોજી,
રામ લહે જયકાર. સુ૦ ૫

## ૬ શ્રી પદ્મપ્રભજિન સ્તવન

(રાગ શાસ્ત્રીય........)

અજબ બની રે મેરે અજબ બની,
પ્રભુ સાથે પ્રીતિ અજબ બની.
અજબ બની પ્રભુ સાથે પ્રીતિ,
તો મુજ દુરગતિની શી ભીતિ;
દેખી પ્રભુની મોટી રીતિ,
પામી પૂરણ રીતે પ્રતીતિ. પ્રભુ. ૧

જે દુનિયા મેં દુર્લભ નેટ,
તે મેં પામી પ્રભુની ભેટ;
આલસુને ઘેર આવી ગંગ,
પામ્યો પંથી સખર તુરંગ. પ્રભુ. ૨

નિરસે પાયો માનસ તીર,
વાદ કરતા વાધી ભીર,
ચિત્ત ચોર્યાં સાજનનો સંગ,
અણચિંત્યો મીલીયો ચઢતે રંગ. પ્રભુ ૩

જિમ જિમ નિરખું પ્રભુ મુખ નૂર,
તિમ તિમ પાઉં આનંદપૂર,
સુણતાં જનમુખ પ્રભુની વાત,
હરખે માહરી સાતે ધાત. પ્રભુ. ૪

પદ્મપ્રભુ જિનનાં ગુણગાન,
ગાતાં લહીયે શિવપદવી અસમાન;
વિમલવિજય વાચકનો શિષ્ય,
રામે પાયો પરમ જગદીશ. પ્રભુ ૧

## ૭ શ્રી સુપાર્શ્વજિન સ્તવન

(રાગ : હવે શ્રીપાળ રાજા...)

દીસે અકળ સ્વરૂપી, સ્વામી સુપાસજી તાહરો રે.
લોક વિદિતી વાત, રાગ ન રોષ હિયે ધરો રે. દીસે૦ ૧

જેહને વશ મહાદેવ, ઉમયા નારી નચાવીયા રે;
વૃંદાવનમાં કાન્હ, ગોપી રાસ રમાવીયા રે. દીસે૦ ૨

બ્રહ્મા પાડ્યો ફંદ, સાવિત્રિ નિજ દીકરી રે;
તે તેં મદન પિશાચ, હણતાં કરૂણા કસી કરી રે. દીસે૦ ૩

ક્રોધ સરીખા યોધ, તેં તો ખિણમાંહી મારીયા રે,
જે વળી ઝાલ્યા બાંહિ, તે તો હેજસું તારીયા રે. દીસે૦ ૪

કહીયે કે તો એમ, તુજ અવદાત એછે ઘણો રે;
રામ કહે શુભ શિષ્ય, વાચક વિમલવિજયતણો રે. દીસે૦ ૫

## ૮ શ્રી ચંદ્રપ્રભજિન સ્તવન

(રાગ : મેરે સાહિબ તુમહી હો...)

ચંદ્ર પ્રભુજીની ચાકરી, મને લાગી મીઠી;
જગમાં જોડી જેહની, કિહાં દીસે ન દીઠી. ચંદ્ર૦ ૧

પ્રભુને ચરણે માહરૂં, મનડું લલચાણું;
કુંણ છે બીજો જગે, જિણે જોપે પલટાણું. ચંદ્ર૦ ૨

કોડિ કરે પણ અવરકો, મુજ હિયડે નાવે;
સુરતરૂ ફૂલે મોહિયો, કિમ આક સોહાવે. ચંદ્ર૦ ૩

મુજ પ્રભુ મોહનવેલડી, કરૂણાશું ભરીયો;
પ્રભુતા પૂરી ત્રિભુવને, ગુણમણિનો દરીયો. ચંદ્ર૦ ૪

જિમ જિમ નિરખું નયણડે, તિમ હિયડું ઉલસે.
એક ઘડીને અંતરે, મુજ મનડું તરસે. ચંદ્ર૦ ૫

સહજ સલૂણો સાહિબો, મિલ્યો શિવનો સાથી;
સ્હેજે જીત્યો જગતમેં, પ્રભુની સેવાથી ચંદ્ર૦ ૬

વિમળવિજય ગુરૂશિષ્યનો, શિષ્ય કહે કરજોડી,
રામવિજય પ્રભુ નામથી, લહે સંપદ કોડી. ચંદ્ર૦ ૭

## ૯ શ્રી સુવિધિજિન સ્તવન

(રાગ : ભવિ જીવને પોષાય...)

પ્રભુની વાણી જોર રસાળ, મનડું સાંભળવા તરસે;
સજલ જલદ જિમ ગાજતો, જાણું વરસે અમૃતધાર;
સાંભળતાં લાગે નહિ, ખીણ ભૂખને તરસ અપાર. પ્રભુની૦ ૧

તિર્યંચ મનુષને દેવતા, સહુ સમજે નિજ નિજ વાણ,
જોજન ક્ષેત્રો વિસ્તરે, નય ઉપનય રતનની ખાણ. પ્રભુની૦ ૨

બેસે હરિ મૃગ એકઠા, ઉંદર માંજારના બાળ,
મોહ્યા પ્રભુની વાણીયે, કો ન કરે એહની આળ. પ્રભુની૦ ૩

સહસ વરસ જો નીગમે, તોયે તૃપ્તિ ન પામે મન્ન;
શાતાયે સહુ જીવનાં, રોમાંચિત હવે તન્ન. પ્રભુની૦ ૪

વાણી સુવિધિજિણંદની શિવરમણી દાતાર,
વિમળવિજય ઉવજ્ઝાયનો, શિલ્ય રામ લહે જયકાર. પ્રભુની૦ ૫

# ૧૦ શ્રી શીતલજિન સ્તવન

(રાગ : મધુરશી મોરલી વાગે...)

ભક્તિનો ભીનો મારો મુજરો થે લ્યોને,
ને હલે સલૂણો તારો દર્શન દ્યોને, મોરાતે દિલમાં આવી રહોને.
શીતલજિન ત્રિભુવન ધણી રે,
પ્રભુ સેવકને ચિત્ત લહોને,
દાસ કહાયો આપણો રે,
પ્રભુ તેહની લાજ વહોને. ભ૦ ૧
જાણપણું મેં તાહરૂં રે,
તે નવિ દીઠું ક્યાંહિ કને રે,
મોહનમુદ્રા દેખીને રે,
પ્રભુ વસ્યા મુજ હેડામાહેને. ભ૦ ૨
રાતદિવસ તુજ ગુણ જપું રે,
બીજું પ્રભુ મને કાંઈના સુહાયને,
જિમ જાણો તિમ રાખજો રે,
હવે હું વળગ્યો તુમ પાયને. ભ૦ ૩
નરક નિગોદનણા ધણી રે,
જે તેં ગ્રહ્યા બાંહિને રે.
તેહ થયા તુજ સારિખા રે,
પ્રભુ સેવકકે મન ચાહિને. ભ૦ ૪
તુમ દીઠે દુ:ખ સવિ વિસર્યા રે,
વાધ્યો વધતો વાનને,
વિમલવિજય ઉવજઝાયનો રે,
રામ કરે ગુણ ગાનને. ભ૦ ૫

## ૧૧ શ્રી શ્રેયાંસજિન સ્તવન

(રાગ : મોતીનું ઝુમખડું...)

શ્રી શ્રેયાંસની સેવના રે, સાહિબા મુજને લાગી જોર,
પ્રભુને સેવીયે રે, પ્રભુ દેખી હરખું હિયે રે,
સાહિબા જિમ ઘન દેખી મોર. પ્રભુને સેવીયે રે, ૧

અણિયાળી પ્રભુ આંખડી રે, મુખ પૂનમનો ચંદ. પ્રભુ.
અહર્નિશે ઉભા ઓળગે રે, જેહને ચોસઠ ઈંદ. પ્રભુ, ૨

ફૂલ પગર ઢીંચણ સમા રે, લહકે વૃક્ષ અશોક. પ્રભુ;
દિવ્યધ્વનિ પ્રભુ દેશના રે, મોહે ત્રિભુવન લોક. પ્રભુ. ૩

ચામર છત્ર સોહામણા રે, ભામંડળ મનોહર. પ્રભુ.
વાજે દેવની દુંદુભી રે, સિંહાસન સુખકાર. પ્રભુ. ૪

આપો શિવસુખ સંપદા રે, પ્રભુ શું પૂરણ પ્રેમ પ્રભુ.
વિમળવિજય ઉપજ્ઝાયનો રે, રામવિજય કહે એમ પ્રભુ. ૫

## ૧૨ શ્રી વાસુપૂજ્યજિન સ્તવન

(રાગ : મનમોહના રે લાલ...)

શ્રી વાસુપૂજ્ય જિણંદજી રે, દિલરંજના હો લાલ
મુજ મન વાધ્યો રંગ હો, દુઃખભંજના હો લાલ.
ચાહું ન્હાઉં નિશદિને રે, દિલ. તુજ ગુણગંગ તરંગ હો. દુઃખ. ૧

જે સંગી જગ સંગના રે, દિલ., તેહશું કે હો સંગ હો. દુઃખ.
ત્રિભુવન હેમની મુદ્રડી રે, દિલ. તું તો અમુલખ હો. દુઃખ. ૨

બાંહ ગ્રાહિ મુજ બાળને રે, દિલ રાખો નિજ ઉછંગ હો. દુઃખ.
મોહસરીખા રાજવી રે, દિલ. જેમ ન મંડે જંગ હો. દુઃખ, ૩
વાતડીયાં સમજાવીયે રે, દિલ. સમજે કિમ એકંગ હો. દુઃખ.
અટક્યોં તે નવિ ઉભગે રે, દિલ. માનસ ધવલ વિહંગ હો. દુઃખ. ૪
ભગતિ વિષે લેશું અમે રે, દિલ. પ્રભુ તુમ પદવી ચંગ દુઃખ.
વાચકવિમળના રામને રે, દિલ પ્રભુશું પ્રેમ અભંગ હો. દુઃખ. ૫

## ૧૩ શ્રી વિમલજિન સ્તવન

(રાગ : આવો આવો સ્નેહે પ્રભુ આવો આવો રે...)

મન વસી મન વસી મન વસી રે,
પ્રભુજીની મૂરતિ મારે મન વસી રે.
જિમ હંસા મન વાહજી ગંગ,
જેમ ચતુર મન ચતુરનો સંગ.
જિમ બાળકને માત ઉછંગ,
તિમ મુજને પ્રભુ સાથે રંગ. મન૦ ૧
મુખ સોહે પૂનમનો ચંદ,
નેણ કમળદલ મોહે ઈંદ,
અધર જિસ્યા પરવાળાલાલ,
અર્ધ શશિસમ દીપે ભાલ. મન૦ ૨
બાંહડી જાણે નાલ મૃણાલ,
પ્રભુજી મેરો પરમ કૃપાળ.
જોતાં કો નહિં પ્રભુજીની જોડ,
પૂરે ત્રિભુવન કેરા કોડ. મન૦ ૩

સાગરથી અધિકો ગંભીર,
સેવ્યો આયે ભવનો તીર.
સેવે સુરનર કોડાકોડ,
કરમતણાં મંદ નાખે મોડ. મન૦ ૪
ભેટયો ભાવે વિમલજિણંદ,
મુજમન વાધ્યો પરમ આનંદ.
વિમલવિજય વાચકનો શિષ્ય,
રામ કહે મુજ પૂરો જગીશ. મન૦ ૫

## ૧૪ શ્રી અનંતજિન સ્તવન

(રાગ : મારા નાથજી રે લો...)

અરદાસ અમારી દિલમેં ધારી સાંભળો રે ।,
પ્રભુજી પ્રાણ પિયારા લો.
હિત નજરે નિહાળી, ટાળી મનનો આમળો રે લો. પ્રભુ
જે પાલવ વળગ્યા અળગા તે તો કિમ હોશે રે લો.
આસંગે હળિયા મળિયા તે તો ચાહશે રે લો, પ્રભુ૦ ૧લે
મોટી ઠકુરાઈ વળી ચતુરાઈ તાહરી રે લો,
દેખી સવિશેષી વાધી દિલમાં માહરી રે લો,
તુમ પાખે બીજાશું તો દિલ ગોઠે નહિં રે લો,
સુરતરૂને છોડી બાવળ સેવે કુણ ટહી રે લો. પ્રભુ૦ ૨
જોવા તુજ દરિસણ ખિણખિણ તરસે આંખડી રે લો,
હું ધ્યાઉં ઉડી આવું પાવું પાખડી રે લો,
સેવક ગુણ જોશો પરસન હોશો તો સહી રે લો,
પામીને અતંસર મુજને વિસરશો નહિ રે લો. પ્રભુ૦ ૩

જગજનને તારો બિરૂદ તુમારો એ ખરો રે લો,
તો મારી વેળા આનાકાની કિમ કરો રે લો,
સેવક સંભાળો વાચા પાળો આપણી રે લો,
તું જગનો નાયક પાયો મેં ધણી રે પ્રભુ૦ ૪
શિવનારી સારી મેળો તસ મેળાવડો રે લો.
અવિગત પરમેસર અનંત જિનેસર તું વડો રે લો,
વિમલવિજય વાચકનો બાળક ઈમ ભણે રે લો,
રામવિજય બહુ દોલત પામે નામે તુમતણે રે લો.
પ્રભુજી પ્રાણ પ્યારા રે લો. પ્રભુ૦ ૫

## ૧૫ શ્રી ધર્મજિન સ્તવન.

(રાગ : શંખેશ્વર મંડન પાર્શ્વજિણંદા)

ધરમ જિણંદ તુમે લાયક સ્વામી, મુજ સેવકમાં પણ ખામી
સાહિબા રંગીલા હમારા, મોહન રંગીલા.
જુગતિ જોડી મળી છે સારી,
જોજો હેડે આપવિચારી. ૧
ભક્તા વત્સલ એ બિરૂદ તુમારો,
ભગતિતણો ગુણ અચળ અમારો.
તેહમાં કો વિવરો કરી કળશે,
તો મુજ અવશ્યમાં ભળશે. ૨
મૂળ ગુણ તું નિરાગ કહાવે
તે કિમ રાગ ભુવનમાં આવે,
વળી છોટે ઘટ મોટો ન માવે,
તે મેં આણ્યો સહજ સ્વભાવે. ૩

અનુપમ અનુભવ રચના કીધી,
ઈમ શાબાશી જગમાં લીધી.
અધિકું ઓછું અતિ આસંગે,
બોલ્યું ખમજો પ્રેમ પ્રસંગે, ૪
અમથી હોડ હુએ કિમ ભારી,
આશ ધરૂં અમનેટ તુમારી
હું સેવક તું જગવિસરામ,
વાચકો વિમળતણો કહે રામ. ૫

## ૧૬ શ્રી શાંતિજિન સ્તવન

(રાગ : આવો આવોને મહારાજ...)

મારો મુજરો લ્યોરે રાજ, સાહિબ શાંતિ સલૂણા.
અચિરાજીના નંદન તોરે દરિસણ હેતે આવ્યો.
સમકીત રીઝ કરોને સ્વામી,
ભક્તિ ભેટણું લાવ્યો. મારો. ૧
દુ:ખભંજન છે બિરૂદ તુમારૂં,
અમને આશ તુમારી.
તુમે નિરાગી થઈને છુટો,
શી ગતિ હોશે અમારી. મોરો. ૨
કહેશે લોક ન તાણી કહેવું,
એવડું સ્વામી આગે.
પણ બાલક જો બોલી ન જાણે,
તો કીમ વ્હાલો લાગે. મારે. ૩

માહરે તો તું સમરથ સાહિબ,
તો કિમ ઓછું માનું.
ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું,
તેહને કામ કીસ્યાનું. મારે. ૪
અધ્યાતમ રવિ ઉગ્યો મુજઘટ,
મોહતિમિર હર્યું જુગતે.
વિમળવિજય વાચકનો સેવક,
રામ કહે શુભ ભકતે. ૫

## ૧૭ શ્રી કુંથુજિન સ્તવન

(રાગ : તારી મનહર મૂર્તિ શોભે રે...)

તુજ મુદ્રા સુંદર રૂપ પુરંદર મોહીયા, સાહેબજી,
તુજ અંગે કોટિ ગમે ગુણગિરૂઆ સોહીયા, સાહેબજી,
તુજ અમિયથકી પણ લાગે મીઠી વાણી રે, સાહેબજી,
વિણ દોરી સાંકળ લીધું મનડું તાણી રે, સાહેબજી. ૧
ખિણ ખિણ ગુણ ગાઉં તો આરામ રે, સાહેબજી;
તુજ દરિસણ પાખે ન ગમે બીજા કામ રે, સાહેબજી,
મુજ હૃદયકમળ વિચ વસીયું તાહરૂં નામ રે, સાહેબજી,
તુજ મૂરતિ ઉપર વારૂં તન મન દામ રે, સાહેબજી, ૨
કરજોડી નિશદિન ઉભો રહું તુજ આગે રે, સાહેબજી,
તુજ મુખડું જોતાં ભૂખ તરસ ન લાગે રે, સાહેબજી,
મેં કયાંહી ન દીઠી જગમાં જોડ તાહરી રે, સાહેબજી. ૩

તુજ દિઠે પૂરણ પહુતાં મનના કોડ રે, સાહેબજી,
મુજ ન ગમે નયણે દીઠા બીજા દેવ રે, સાહેબજી,
હવે ભવોભવ હોજો, મુજને તારી સેવ રે, સાહેબજી.
તું પરમ પુરૂષ પરમેશ્વર અકળ સ્વરૂપ રે, સાહેબજી,
તુજ ચરણે પ્રણમે સુરનર કેરા ભુપ રે, સાહેબજી. ૪
તું કાપે ભવદુઃખ આપે પરમાનંદ રે, સાહેબજી
બલિહારી તાહરી પ્રભુજી કુંથુજિણંદ રે, સાહેબજી,
મનવંછિત ફળીયો મળીયો તું મુજ જામ રે, સાહેબજી,
ઈમ પભણે વાચક વિમલવિજયનો રામ રે, સાહેબજી. ૫

## ૧૮ શ્રી અરનાથજિન સ્વતન

(રાગ : ગાસ્યાંજી ગાસ્યાંજી ગાસ્યાંજી)

ગાસ્યાંજી ગાસ્યાંજી અમે ગાસ્યાંજી,
મન રંગે જિનગુણ ગાસ્યાંજી.
અરનાથ તણા ગુણ ગાસ્યાંજી,
દિલરંગે જિનગુણ ગાસ્યાંજી.
પ્રભુમુખ પૂરણચંદ સમોવડ,
નિરખી નિર્મલ ગાસ્યાંજી,
જિનગુણ સમરણપાન સોપારી,
સમકીત સુખડી ખાસ્યાંજી. ૧
સમતા સુંદરી સાથે સુરંગી,
ગોઠડી અજબ બનાસ્યાંજી.
જે ધુતારી તૃષ્ણા નારી,
તેહશું દિલ ન મિલાસ્યાંજી. ૨

દૂતિ કુમતિ જે માયા કેરી,
તેહને તો સમજાસ્યાંજી,
લોભ ઠગારાને દિલ ચોરી,
વાતડીએ ભરમાસ્યાંજી. ૩

મોહ મહિપતિ જે મુજ વૈરી,
તેહશું જંગ જુડાસ્યાંજી,
ગ્યાન સરીખા યોધ સગાઈ,
કરીને દૂર કઢાસ્યાંજી. ૪

શિવરાણી ને વરવા હેતે,
જીત નિશાન બજાસ્યાંજી.
વિમલવિજય ઉવજ્ઝાય પસાયે,
રામ કહે સુખ પાસ્યાંજી. ૫

## ૧૯ શ્રી મલ્લીજિન સ્તવન

(રાગ : મને સંભવજિનશું પ્રીત...)

હવે જાણી મલ્લિજિણંદ મેં, માયા તુમારી રે
તુમે કહેવાઓ નિરાગ, જુઓ વિચારી રે. ૧

પ્રભુ તેહશું તારી વાત, જે રહે તુજ વલગા રે,
તે મૂલ ન પામે ઘાત, જે હોવે અલગા રે. ૨

તુમે કહેવાઓ નિગ્રંથ, તો ત્રિભુવન કેરી રે,
પ્રભુ કેમ ધરો ઠકુરાત, કહેશો શું ફેરી રે. ૩
તુમે વારો ચોરી નામ, જગત ચિત્ત ચોરો રે.
તુમે તારો જગના લોક, કરાવ્યો નિહોરો રે. ૪
પ્રભુ મોટા કેરી વાત, કહો કુણ જાણે રે,
તુમે બોલો થોડા બોલ, ન ચૂકો ટાણે રે. ૫
પ્રભુ તુજશું મારે પ્રીતિ, અભેદક જાણી રે,
મ્હારા ભવભવ કેરી આજ, ભાવડ સહુ ભાગી રે. ૬
ગુરૂ વાચક વિમલનો શિષ્ય, કહે ગુણરંગ રે,
ઇમ પરમ મલ્લિ જગદીશ, મિલ્યો તું ભાગ્યે રે. ૭

## ૨૦ શ્રી મુનિસુવ્રતજિન સ્તવન

(રાગ : હો મનભમરા...)

મુનિસુવ્રત શું મોહની સાહેબજી, લાગી મુજ મન જોર હો.
શામલડી સૂરતી મનમોહીયો, સાહેબજી.
વ્હાલપણું પ્રભુથી સહી, સા. કલેજાની કોર હો. શામ. ૧
અમને પૂરણ પારખું, સા. એ પ્રભુ અંગીકાર હો.
દેખી દિલ બદલે નહિ, સા. અમસા દોષ હજાર હો. ૨
નિરગુણ પણ બાંહિ ગ્રહ્યા, સા. ગિરૂઆ છંડે કેમ હો,
વિષધર કાળા કંઠમેં, સા. રાખે ઈશ્વર જેમ હો. શા. ૩
ગિરૂઆ સાથે ગોઠડી, સા. તે તો ગુણને હેત હો,
કરે ચંદન નિજ સારીયો, સા. જિમ તરૂવરનો ખેત હો. શા. ૪
જ્ઞાનદશા પરગટ થઇ, સા. મુજ ઘટ મિલિયો ઈશ હો,
વિમલવિજય ઉવજ્ઝાયનો, સા. રામ કહે શુભ શિષ્ય હો. શા. ૫

## ૨૧ શ્રી નમિનાથજિન સ્તવન

(રાગ : આજ અધિક આનંદથું...)

શ્રી નમિનાથ મુજ વસ્યો રે, ગિરૂઓ ગુણની ખાણ રે.
ચૌદરાજને છેહડે રે, ઉંચો જેહનો ઠાણ રે,
ત્રિભુવનનો રાજા દીપે રે જસ ચડત દિવાની. ૧

મુજરો કો પાવે નહિં રે, ઈંદ ચંદ નાગિંદ રે,
રાગે નજર ન મેળવે રે, કુણ જાણે છંદ રે. ત્રિ. ૨

તે હશું મેં કરતાં કરી રે, અમરિજવાળી વાત રે,
ભગતિ અપૂરવ દોરીયે રે, આકર્ષ્યો ઈણ ભાત રે.ત્રિ. ૩

ઉર મંદિર આવી કર્યો રે, અવિચલ વાસો તેણ રે,
મન મેળુ કીધો ખરો રે, જે નવિ હોવે કેણ રે. ત્રિ. ૪

ભવજલનો ભય મેટીયો રે, વધ્યો અધિક ઉમંગ રે,
વિમલવિજય ઉવજઝાયનો રે, રામ કહે મન રંગ રે. ત્રિ. ૫

## ૨૨. શ્રી નેમનાથજિન સ્તવન

(રાગ : શ્રી સ્થુલિભદ્ર મુનિગણમાં શિરદાર જો)

સહિયાં મોરી સાહિબો નેમ મનાવો જો,
દિલડું તે દાઝે પિયુ વિણ દીઠડે જો.
દિલ મેળીને કીધો દુશ્મન દાવો જો,
અબળાને બાળી યાદવ મીઠડે જો. ૧

કરતાં શું તો જાણી પ્રીતિ સોહલી જો,
દોહિલી તે નિરવહતાં દીઠી નયણડે જો,
શામળીયો સાંભરતાં હિયડે સાલે જો,
દુઃખ તે કહેતાં ન આવે વયણડે જો. ૨

રહેશે દુનિયામાંહે વાત વિદિતિ જો,
વાહલેજી કીધી છે એહવી રીતડી જો,
શું જાણ્યુ વિસરશે કિણ અવતાર જો,
તોડી જે યદુનાગે કાચી પ્રીતડી જો. ૩

મત કોઈને છાનો વૈરી નેહ જો,
લાગીને દુઃખ દેતો કહિયે એહવો જો,
નેહતણાં દુઃખ જાણે તેહજ છાતી જો,
જે માંહે વિચરે અવર ન તેહવો જો. ૪

નેમિસરને ધ્યાને રાજુલ નારી જો,
મેળો તે મનગમતો લહે શિવમંદિરે જો,
વિમલવિજય ઉવજ્ઝાયતણા શુભ શિષ્યે જો,
રામવિજય સુખસંપત્તિ પામી શુભ પરે જો. ૫

## ૨૩. શ્રી પાર્શ્વનાથજિન સ્તવન

(રાગ : વામાનંદન વડો રે લો...)

પ્રભુજી પાસજિણંદ, ત્હારી રે ત્હારી રે
મુદ્રા અભિનવ મોહીની રે.
એહવી દુનિયામાંહે, બીજી રે બીજી રે
દીઠી મેં નહીં કોઈની રે. ૧

કામણગારી તુજ, કીકી રે કીકી રે
નીકી પરિ હિયડે વસી રે,
નેણાં લંપટ મુજ, ચાહ રે ચાહ રે
જોવા ખિણખિણ ઉલ્લસી રે. ૨
તુજ દીઠે સુખ હોય, તે કુણ રે કુણ રે
જાણે કહો વિણ કેવળી રે,
એહ જ મુજ અરદાસ, ચરણે રે ચરણે રે
રાખો શું કહીયે વળી રે. ૩
શરણે રાખી નાગ, તેને રે તેને રે
કીધો નાગ તણો ધણી રે,
કમઠતણા અપરાધ, બહુલા રે બહુલા રે
તું રૂઠયો નહિં તેહ ભણી રે. ૪
દેઈ વરસીદાન, જગના રે જગના રે
જન સઘળા સુખીયા કર્યાં રે,
એહવા બહુ અવદાત, તાહરા રે તાહરા રે
ત્રિભુવનમાંહે વિસ્તર્યાં રે. ૫
તો મુજને પરવાહ, શાની રે શાની રે
જે પોતે બાંહિ ગ્રહ્યો રે,
તુજ ભગતિ લયલીન, એહજ રે એહજ રે
શિવમારગ મેં સદ્દહ્યો રે. ૬
ધન ધન વામા માત, જેહની રે જેહની રે
કુખે તું પ્રભુ અવતર્યો રે,
વિમલવિજય ઉવજ્ઝાય, શિષ્યે રે શિષ્યે રે
રામે જનમ સફળ કર્યો રે. ૭

## ૨૪. શ્રી મહાવીરજિન સ્તવન

(રાગ : આજ સફલદિન અમતણો એ ..)

આજ સફળ દિન મહારો એ, ભેટચો વીર જિણંદ કે,
ત્રિભુવનનો ધણી એ.

ત્રિશલારાણીનો નંદ કે, જગ ચિંતામણિ એ,
દુઃખ દોહગ દૂરે ટળ્યા કે, પેખી પ્રભુ મુખચંદ કે. ત્રિ. ૧

રિદ્ધિ વૃદ્ધિ સુખ સંપદાએ, ઉલટ અંગે ન માય કે,
આવી મુજ ઘર આંગણે એ, સુરગવિ હેજ સવાય કે. ત્રિ. ૨

ચિંતામણિ મુજ કર મડચું એ, પાયો ત્રિભુવન રાજ કે,
મુહ માગ્યા પાસા ઢળ્યા એ, સિધ્યાં વંછિત કાજ કે. ત્રિ. ૩

ચિત્ત ચાહ્યા સાજન મિલ્યાએ, દુર્જન ઉડચા વાય કે,
સૌમ્ય નજર પ્રભુની લહીએ, જેહવી સુરતરુ છાંય કે. ત્રિ. ૪

તેજ ઝલાહલ દીપતો એ, ઉગ્યો સમકીત સૂર કે,
વિમલવિજય ઉવજ્ઝાયનો એ, રામ લહે સુખપૂર કે. ત્રિ. ૫

### શ્રી જિન ઉત્તમવિજયજી મ. ના શિષ્ય

# શ્રી રતનવિજયજી કૃત ચોવીસી

## ૧. ઋષભદેવ જિન સ્તવન

(રાગ : સિદ્ધચક્રવર સેવા કીજે, નરભવ લાહોલીજેજી :)

ઋષભ જિનેસર વંછિત પૂરણ, જાણું વિશવાવીશ
ઉપગારી અવનીતલે મોટા, જેહની ચડતી જગીશ,
જગગુરુ પ્યારો રે,
પુન્યથકી મેં દીઠો મોહનમારો રે, સરસ સુધાથી મીઠો. જગ. ૧

નાભિનંદન નજરે નિરખ્યો પરખ્યો પૂરણ ભાગ્યે,
નિરવિકારી મુદ્રા જેહની, દીઠે અનુભવ જાગે. જગ. ૨

આતમ સુખ ગ્રહવાનું કારણ, દર્શન જ્ઞાન ચારિત્ર,
તેને ભય વલી મિથ્યા અજ્ઞાન, અવિરતિ જેહ વિચિત્ર, જગ. ૩

સકલ જીવ છે સુખના કામી, તે સુખ અક્ષય મોક્ષ,
કર્મજનિત સુખ તે દુ:ખરૂપ, સુખ તે આતમ ઝાંખ. જગ. ૪

નિરૂપાધિક અક્ષયપદ કેવલ, અવ્યાબાધ તે થાવે,
પૂરણાનંદ દશાને પામે, રૂપાતીત સ્વભાવે. જગ. ૫

અંતરજામી સ્વામી મારો, ધ્યાનરૂચિમાં લાવે,
જિન ઉત્તમ પદને અવલંબી, રતનવિજય ગુણ ગાવે. જગ. ૬

## ૨. શ્રી અજિતનાથ જિન સ્તવન

(રાગ : એકદિન પુંડરીક ગણધરું રે લાલ...)

અજિત જિનેસર વાલહા હો રાજ,
આતમના આધાર— મોરા સાહિબા;
શાંત સુધારસ દેશના હો રાજ,
ગાજે જેમ જલધાર— મોરા સાહિબા. અજિત. ૧

ભવિજન સંશય ભાંજવા હો રાજ,
તસ અભિપ્રાયનો જાણે— મોરા સાહિબા
મિથ્યાતિમિર ઉચ્છેદવા હો રાજ,
ઉગ્યો અભિનવ ભાણ— મો. અ. ૨

સારથવાહ શિવપંથનો હો રાજ,
ભવોદધિ તારણહાર— મો.
કેવલજ્ઞાન દિવાકરૂ હો રાજ,
ભાવધરમ દાતાર— મો. અ. ૩

ક્ષાયિકભાવે ભોગવે હો રાજ,
અનંત ચતુષ્ટય સાર— મો.
ધ્યેયપણે હવે ધ્યાવતાં હો રાજ,
ધ્યાયક થાયે નિસ્તાર— મો. અ. ૪

વસ્તુ સ્વભાવને જાણવે હો રાજ,
આતમ સંપદ ઈશ— મો.
અષ્ટ કરમના નાશથી હો રાજ,
પ્રગટ્યા ગુણ એકત્રીસ— મો. અ. ૫

વિજયાનંદન એમ થુણ્યા હો રાજ,
જિતશત્રુ કુલ દિનકાર— મો.
કંચનકાંતિ સુંદર હો રાજ,
ગજલંછન સુખકાર— મો. અ. ૬
સમેતશિખર સિદ્ધિ વર્યા હો રાજ,
સહસ પુરુષની સાથ— મો.
ઉત્તમ ગુરુકૃપા લ્હેરથી હો રાજ,
રત્ન થાશે સનાથ— મો. અ. ૭

## ૩ શ્રી સંભવનાથજિન સ્તવન

(રાગ : અષ્ટાપદ ગિરિજાત્રા કરણકું...)

સંભવ જિનવર સાહિબ સાચો, જે છે પરમદયાલ,
કરૂણાનિધિ જંગમાંહિ મોટો, મોહન ગુણમણિમાલ,
ભવિયાં ભાવ ધરીને લાલ, શ્રી જિન સેવા કીજે,
દુરમતિ દૂર કરીને લાલ, નરભવ સફલો કીજે. ૧

એહ જગદ્ગુરુ જુગતે સેવો, ષટ્કાય પ્રતિપાળ,
દ્રવ્યભાવ પરિણતિ કરી નિર્મલ, પૂજા થઈ ઉજમાળ. ભ. ૨

કેસર ચંદન મૃગમદ ભેળી, અરચો જિનવર અંગ,
દ્રવ્ય પૂજા તે ભાવનું કારણ, કીજે અનુભવ રંગ. ભ. ૩

નાટક કરતાં રાવણ પામ્યો, તીર્થંકર પદ સાર,
દેવપાલાદિક જિનપદ ધ્યાતાં, પ્રભુપદ લહ્યું શ્રીકાર. ભ. ૪

વીતરાગ પૂજાથી આતમ, પરમાતમ પદ પાવે,
અજ અક્ષય સુખ જિહાં શાશ્વતા, રૂપાતીત સ્વભાવે. ભ. ૫

અજર અમર અવિનાશી કહીયે, પૂરણાનંદ જે પામ્યા.
લોકાલોક સ્વભાવ વિભાષક, ચઉગતિનાં દુઃખ વામ્યા. ભ. ૬

એહવા જિનનું ધ્યાન કરંતા, લહીયે સુખ નિર્વાણ,
જિન ઉત્તમ પદને અવલંબી, રતન લહે ગુણખાણ. ભ. ૭

## ૪ શ્રી અભિનંદન જિન સ્તવન

(રાગ : પાપનું સ્થાનક હો કે, ચૌદમુ આકરૂં...)

ચોથો જિનપતિ હો કે, સેવો ચિત્ત ખરે,
ગુણમણિ દરીયો હો કે, પરખો શુભ પરે,
વંછિત દાતા હો કે, પ્રગટ્યો સુરતરુ,
મોહન મૂરતિ હો કે, રૂપ મનોહરૂ. ૧

સૂરતિ સારી હો કે ભવિજન ચિત્ત વસી,
મુખકજ સોહે હો કે, જાણે પૂરણ શશી.
લોચન સુભગાં હો કે, નિરૂપમ જગધણી,
ભાવે વંદો હો કે, પ્રત્યક્ષ સુરમણિ. ૨

જગ ઉપકારી હો કે, જગગુરૂ જગત્રાતા,
જસગુણ થુણતાં હો કે, ઉપજે અતિશાતા.
નામ મંત્રથી હો કે, આપદા સવિ ખસે,
ક્રોધાદિક અજગર હો કે, તેહ નવિ ડસે. ૩

પરમેસર પૂરણ હો કે, જ્ઞાન દિવાકરૂ,
ચઉગતિ ચૂરણ હો કે, પાપતિમિર હરૂ,
સહજ વિલાસી હો કે, અડમદ સોષતા.
નિષ્કારણ વત્સલ હો કે, વૈરાગ્ય પોષતા, ૪

નિજધન પરમેશ્વર હો કે, સ્વ સંપદ ભોગી,
પરભાવના ત્યાગી હો કે, અનુભવ ગુણયોગી,
અલેશી અણાહારી હો કે, ક્ષાયિક ગુણધરા,
અક્ષય અનંતા હો કે, અવ્યાબાધ વરા. ૫

ચાર નિક્ષેપે હો કે, જે નિજ ચિત્ત ધરે,
એ લહી અવલંબન હો કે, પંચમગતિ વરે,
શ્રી જિન ઉત્તમની હો કે, સેવા જે કરે,
તે રતન અમૂલક હો કે, પામે શુભ પરે. ૬

## ૫ શ્રી સુમતિજિન સ્તવન

(રાગ : મોહનગારા હો રાજ રૂડા—મારા સાંભળ સુગુણા સુડા)

સુમતિ જિનેશ્વર સાહિબોજી, સુમતિતણો દાતાર,
ચઉગતિ મારગ ચૂરતોજી, ગુણમણિનો ભંડાર કે,
જિનપતિ જુગતે લાલ, વંદીજે ગુણખાણી, ૧

સહજાનંદી સાહિબોજી, પરમ પુરૂષ ગુણધામ,
અક્ષય સુખની સંપદાજી, પ્રગટે જેહને નામ કે. જિ. ૨

નાથ નિરંજન જગધણીજી, નિરાગી ભગવાન,
જગબંધવ જગવત્સલુજી, કીજે નિરંતર ધ્યાન કે. જિ. ૩

ધ્યાન ભુવનમાં ધ્યાવતાંજી, હોવે આતમ શુધ્ધ.
સાધે સંવર નિર્જરાજી, અવિરતિનો કરી રોધ કે. જિ, ૪

જ્ઞાનાદિગુણ સંપદાજી, પ્રગટે ઝાકઝમાલ,
ચિદાનંદ સુખ રમણતાજી, પામે ગુણમણિમાલ કે. જિ ૫

પંચમજિન સેવા થકીજી, પાપ પંક ક્ષય જાય,
દ્રવ્યભાવ ભેદે કરીજી, કારજ સઘલો થાય કે. જિ. ૬

મંગલાસુત મનોહરૂજી, કુલમાં તિલક સમાન.
પંડિત ઉત્તમવિજયતણોજી, રતન ધરે તુમ ધ્યાન કે. જિ.

## ૬. શ્રી પદ્મપ્રભજિન સ્તવન

(રાગ : તુજ મુજ રીઝની રીત.. )

પદ્મપ્રભ જિનરાજ, સુરનર સેવ કરે રી,
પુષ્ટાલંબન દેવ, સમરે દુરિત હરે રી. ૧
ટાલે મિથ્યાદોષ, સમકીત પોષ કરે રી,
ભવિકમલ પડિબોહ, દુરગતિ દૂર હરે રી. ૨
ત્રિગડે ત્રિભુવન સ્વામી, બેસી ધર્મ કહે રી,
શાંત સુધારસ વાણ, સુણતાં તત્વ ગ્રહે રી. ૩
ક્રોધાદિકનો ત્યાગ, સમતા સંગ અજોરી.
મન આણી સ્યાદ્વાદ, અવિરતિ સર્વ તજોરી. ૪
અનુભવ ચારિત્ર જ્ઞાન, જિનઆણા શિર ધરો રી,
અક્ષય સુખનું ધ્યાન, કરી ભવજલધિ તરો રી. ૫

રક્તવર્ણ તનુ કાંતિ, વર્ણ રહિત થયો રી,
અજર અમર નિરૂપાધિ, લોકાંતિક રહ્યો રી. ૬

નિરાગી પ્રભુ સેવ, ત્રિકરણ જેહ કરે રી,
જિન ઉત્તમની આણ, રતન તે શિર ધરેરી. ૭

## ૭. શ્રી સુપાર્શ્વજિન સ્તવન

(રાગ : શ્રી અનંતજિનશું કરો સાહેલડીયાં...)

પૃથ્વીસુત અલવેસરૂ, સાહેલડીયાં,
સાતમો દેવ સુપાસ, ગુનવેલડીયા,
ભવભવ ભાવઠ ભંજણો, સા. પૂરતો વિશ્વની આશ. ગુ. ૧

સુરમણિ સુરતરૂ સારિખો, સા.કામકુંભ સમ જેહ, ગુ.
તેહથી અધિકતર તું પ્રભુ, સા.તેહમાં નહિ સંદેહ. ગુ. ૨

નામ ગોત્ર જસ સાંભળે, સા. મહાનિર્જરા થાય, ગુ.
રસના પાવન સ્તવનથી, સા. ભવભવનાં દુઃખ જાય. ગુ. ૩

વિષય કષાયે જે હતા, સા. હરિહરદિક દેવ,
તેહને ચિત્તમાં નવિ ધરૂં સા. ન કરૂં તેહની સેવ. ગુ. ૪

પરમ પુરૂષ પરમાતમા, સા. પરમાનંદ સ્વરૂપ,
ધ્યાન ભુવનમાં ધારતાં, સા. પ્રગટે સહજ સ્વરૂપ. ગુ. ૫

તૃષ્ણાતાપ શમાવતો, સા. શીતલતાયે ચંદ,
તેજે દિનમણિ દીપતો, સા. ઉપશમ રસનો કંદ. ગું ૬
કંચન કાંતિ સુંદરૂ, સા. કાંતિ રહિત કૃપાલ,
જિન ઉત્તમ પદ સેવતાં, સા. રતન લહે ગુણમાલ. ગુ. ૭

## ૮. શ્રી ચંદ્રપ્રભજિન સ્તવન

(રાગ : તુમે બહુ મૈત્રી રે સાહિબા...)

ચંદ્રપ્રભજિન સાહિબા, શરણગત પ્રતિપાલ
દર્શન દુર્લભ તુમતણું, મોહન ગુણમણિમાલ. ચં. ૧
સાચો દેવ દયાળવો, સહજાનંદનું ધામ,
નામે નવનિધિ સંપજે, સીઝે વાંછિત કામ. ચં. ૨
ધ્યેયપણે રે ધ્યાવતાં, ધ્યાતા ધ્યાન પ્રમાણ,
કારણે કારજ નીપજે, એહવી આગમ વાણ. ચં. ૩
પરમાતમ પરમેસરૂ, પુરૂષોત્તમ પરધાન,
સેવકની સુણી વિનતિ, કીજે આપ સમાન. ચં. ૪
શ્રદ્ધા ભાસન રમણતા, આણી અનુભવ અંગ,
નિરાગીશું રે નેહલો, હોયે અચલ અભંગ. ચં. ૫
ચંદ્રપ્રભ જિન ચિત્તથી, મુકું નહિ જિનરાજ,
મુજ તનુઘરમાંહે ખેંચીયો, ભક્ત મેં સાતરાજ. ચં. ૬
ગુણનિધિ ગરીબ નિવાજ છો, કરૂણા નિધિ કિરપાલ.
ઉત્તમવિજય કવિરાજનો, રતન લહે ગુણમાલ. ચં. ૭

## ૯. શ્રી સુવિધિજિન સ્તવન

(રાગ : જ્ઞાનપદ ભજીયે રે જગમ સુહંકરૂ...)

સુવિધિ જિનેસર સાહિબ સાંભળો,
તુમે છો ચતુર સુજાણોજી,
સાહેબ સનમુખ નજરે જોવતાં,
વાધે સેવક વાનોજી. સુ. ૧

ભવમંડપમાં રે ભમતાં જગગુરુ,
કાળ અનાદિ અનંતોજી,
જનમ મરણનાં રે દુઃખ તે આકરાં,
હજુએ ન આવ્યો અંતોજી સુ. ૨

છેદન ભેદન વેદન આકરી,
ગુણનિધિ નરક મોજારોજી,
ક્ષેત્રકુંભી વૈતરણી વેદના,
કથતાં નાવે પારોજી. સુ. ૩

વિવેક રહિત વિગતપણે કરી,
ન વહયો તત્ત્વ વિચારોજી,
ગતિ તિર્યંચમાં રે પરવશપણે કરી,
સહ્યાં દુઃખ અપારોજી. સુ. ૪

વિષયાસંગે રે રંગે રાચીયો
બંધાણો મોહ પાસોજી,
અમરીસંગે રે સુરભવ હારીયો,
કીધો દુર્ગતિ વાસોજી, સુ. ૫

પુન્ય મહોદય જગગુરુ પામીયો,

ઉત્તમ નર અવતારોજી.

આરજ ક્ષેત્રે રે સામગ્રી ધર્મની,

સદ્ગુરૂ સંગતિ સારોજી. સુ. ૬

જ્ઞાનાનંદે રે પૂરણ પાવનો,

તીર્થપતિ જિનરાજોજી,

પુષ્ટાલંબન કરતાં જગગુરુ,

સિધ્યાં સેવક કાજોજી. સુ. ૭

નામ જપંતા રે સવિ સંપત્તિ મળે,

સ્તવતાં કારજ સીધોજી,

જિન ઉત્તમ પદ પંકજ સેવતાં,

રતન લહે નવનીધોજી. સુ. ૮

## ૧૦ શ્રી શીતલજિન સ્તવન

(રાગ : શ્રી સુપાસજિન વંદિયે...)

શીતલ જિનપતિ સેવિયે, દશમો દેવ દયાલ, લલના;
શીતલ નામ છે જેહનું, શરણગત પ્રતિપાલ, લલના. શી. ૧

બાહ્ય અભ્યંતર શીતલું, પાવન પૂરણાનંદ, લલના;
પ્રગટ પંચ કલ્યાણકે, સેવે સુરનર વૃંદ. લલના. શી. ૨

વાણી સુધારસ જલનિધિ, જ્યું જલધાર, લલના,
ત્રિગડે ચઉમુખ દેશના, કરતા ભવિ ઉપકાર. લલના.. શી ૩

મિથ્યા તિમિર ઉચ્છેદના, તીવ્ર તરણિ સમાન, લલના,
સમકીત પોષ કરે સદા, આપે વાંછિત દાન. લલના શી. ૪

અઘમોચન અલવેસરૂ, મુજ માનસ સર હંસ, લલના,
અવલંબન ભવિજીવને, દેવ માનું અવતંસ. લલના શી. ૫

અષ્ટાદશ દોષે કરી, રહિત થયો જગદીશ, લલના,
યોગીશ્વર પણ જેહનું, ધ્યાન ધરે નિશદીશ. લલના. શી. ૬

ધ્યાન ભુવનમાં ધ્યાઈએ. તો હોય કારજ સિદ્ધ, લલના,
અનુપમ અનુભવ સંપદા, પ્રગટે આતમ ઋદ્ધ. લલના. શી. ૭

ક્રોડ ગમે સેવા જેહની, દેવ કરે કરજોડ, લલના,
તે નિર્જરાનું ફલ લહે, કુણ કરે એહની હોડ, લલના. શી. ૮

જિન ઉત્તમ અવલંબને પગ પગ ઋદ્ધિ રસાળ, લલના,
રતન અમૂલખ તે લહે, પમિ મંગળ માળ, લલના. શી. ૯

# ૧૧ શ્રી શ્રેયાંસજિન સ્તવન

(રાગ : જગજીવન જગવાલહો...)

શ્રી શ્રેયાંસ જિણંદની, સુંદર સુરતિ દેખ, લાલ રે,
રૂપ અનુત્તર દેવથી, અનંતગણું તે પેખ. લાલ રે. શ્રી. ૧

અંગના અંકે ધરે નહિં, હાથે નહિ કરવાલ, લાલ રે,
વિકારે વર્જિત જેહની, મુદ્રા અતિહી રસાળ, લાલરે. શ્રી. ૨

વાણી સુધારસ સરિખી, દેશના દીયે જલધાર, લાલ રે,
ભવદવ તાપ શમાવતા, ત્રિભુવન જન આધાર. લાલ રે. શ્રી. ૩

મિથ્યા તિમિર વિનાશતો, કરતો સમકીત પોષ, લાલ રે,
જ્ઞાન દિવાકર દીપતો, વર્જિત સઘળા દોષ, લાલ રે. શ્રી. ૪

પરમાતમ પ્રભુ સમરતાં, લહીયે પદ નિરવાણ, લાલ રે,
પામે દ્રવ્ય ભાવ સંપદા, એહવી આગમ વાણ લાલ રે શ્રી. ૫

જૈનાગમથી જાણીયું, વિગતે જગગુરુ દેવ, લાલ રે,
કૃપા કરી મુજ દીજીયે,માગુ તુમ પદ સેવ, લાલ રે. શ્રી. ૬

તુમ દરિસણથી પામીયો, ગુણનિધિ આનંદપૂર, લાલ રે,
આજ મહોદય મેં લહ્યો, દુઃખ ગયા સવિદુર. લાલ રે. શ્રી. ૭

વિષ્ણુનંદન ગુણનીલો, વિષ્ણુ માત મલ્હાર લાલ રે,
અંકે ખડગી દીપતો, ગુણમણિનો ભંડાર. લાલ રે. શ્રી. ૮

સમેતશિખર સિદ્ધિ વર્યા, પામ્યા ભવોદધિ પાર, લાલ રે,
જિન ઉત્તમપદ પંકજે, રતન મધુપ ઝંકાર, લાલ રે. શ્રી. ૯

## ૧૨. શ્રી વાસુપૂજ્યજિન સ્તવન.

( રાગ : એ તીરથ તારૂ... )

વાસુપૂજ્ય જિન અંતરજામી, હું પ્રણમું શિરનામી રે,
મારા અંતરજામી.
ત્રિકરણ જોગે ધ્યાન તુમારૂં, કરતાં ભવભય વારૂ રે. મા. ૧

ચોત્રીશ અતિશય શોભાકારી, તુમચી જાઉં બલિહારી રે,
ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, સુરપતિ ગુણ વખાણે રે. મા. ૨

દેશના દેતાં તખત બિરાજે, જલધરની પરે ગાજે રે,
વાણી સુધારસ ગુણમણિ ખાણી,
ભાવધરી સુણે પ્રાણી રે. મા. ૩

દુવિધ ધરમ દયાનિધિ ભાખે,
હેતુ જુગતે પ્રકાશે રે,
ભેદ રહિત પ્રભુ નિરખો મુજને,
તો શોભા છે તુમને રે. મા. ૪

મુદ્રા સુંદર દીપે તાહરી,
અમર નરનારી રે,
સાહિબ સમતા રસનો દરીયો,
માર્દવ ગુણથી ભરીયો રે. મા. ૫

સહજાનંદી સાહિબ સાચો,
જેમ હોયે હીરો જાચો રે,
પરમાતમ પ્રભુ ધ્યાવો,
અક્ષય લીલા પાવો રે. મા. ૬

રક્તવર્ણ તનુ દીપે કાંતિ,
જોતા ટળે ભવભ્રાંતિ રે,
ઉત્તમવિજય વિબુધનો શીશ,
રતનવિજય સુજગીશ રે. મા. ૭

## ૧૩. શ્રી વિમલજિન સ્તવન.

(રાગ : બીજી ચંદન પૂજના રે...)

વિમલ જિનેસર સુંદરૂ રે,
નિરૂપમ છે તુમ નામ—જિનેસર સાંભરે.
પૂરણાનંદી પરમેસરૂ રે, આતમ સંપદા સ્વામ જિ. ૧

નીરાગીશું નેહલો રે, મુજ મન કરવા ભાવ, જિ.
નિષ્કારણ જગવરછલુ રે, ભવોદધિ તારણ નાવ જિ. ૨

સારથવાહ શિવપંથનો રે, ભાવધરમ દાતાર, જિ.
જ્ઞાનાનંદે પૂરણો રે, ત્રિભુવન જન આધાર, જિ. ૩

અષ્ટકરમ હેલા હણી રે, પામ્યા શિવપુર વાસ, જિ.
ક્ષાયિકભાવે ગુણ વર્યા રે, હું સમરૂ સુવિલાસ. જિ. ૪

ગુણ ગાતાં ગિરૂઆ તણાં રે, જીહ્વા પાવન થાય, જિ.
નામ ગોત્ર જસ સાંભળી રે, ભવભવના દુઃખ જાય. જિ. ૫

મનમોહન મુજ નાથશું રે, અવર ન આવે દાય, જિ.
પામી સુરતરૂ પરવડો રે, કોણ કરીરે જાય. જિ. ૬

સહજાનંદી સાહિબો રે, વર્જિત સકલ ઉપાધિ. જિ.
જિન ઉત્તમ અવલંબને રે, રતન હુએ નિરાબાધ. જિ. ૭

## ૧૪. શ્રી અનંતનાથજિન સ્તવન :

(રાગ... લઘુ પણુ હું તુમ મન નહિ માવું રે... )

અનંત જિનેસર સાહિબ માહરો રે,
પુન્યે પામ્યો દરિસણ તાહરો રે,
પ્રભુ સેવા લાગે મુજ પ્યારી રે,
તુમચા ગુણની જોઉં બલિહારી રે. ૧

કેવલજ્ઞાને જગતને જાણે રે,
લોકાલોકના ભાવ વખાણે રે,
સમ્યગ્‌જ્ઞાન તે ભવદુઃખ કાપે રે,
જ્ઞાનવિના ક્રિયાફલ નવિ આપે રે, ૨

સામાન્યે વસ્તુ પદારથ જેહ રે,
એક સમયમાં જાણે તેહ રે,
કેવલદર્શન વિગતે જાણો રે,
જૈનાગમથી ચિત્તમાં આણો રે. ૩

નિરૂપાધિક નિજગુણ છે જેહ રે,
નિજ સ્વભાવમાં સ્થિરતા તેહ રે.
ક્ષાયિક ચારિત્ર તે જગ સાર રે,
જેહ આપે ભવોદધિ પાર રે. ૪

વિલસે અનંતવીર્ય ઉદાર રે,
એ ભાખ્યા અનંતા ચાર રે.
એ ગુણના પ્રભુ છો ભોગી રે,
ગુણઠાણાતીત થયા અજોગી રે, ૫

ત્રિકરણયોગે ધ્યાન તુમારૂ રે,
કરતાં સીઝે કાજ અમારૂં રે.
પુષ્ટાલંબન દેવ તું મારો રે,
હું છું સેવક ભવોભવ તારો રે. ૬

સિંહસેન નૃપવંશ સુહાયો રે,
સુજસા રાણીનો તું જાયો રે,
ઉત્તમ વિજય વિબુધનો શિષ્યરે,
રતનવિજયની પૂરો જગીશ રે, ૭

## ૧૫. શ્રીધર્મનાથજિન સ્તવન

(રાગ... વિમલજિન દીઠા લોયણ આજ... )

ધર્મજિનેસર ધ્યાઈએ રે, આણી અધિક સ્નેહ,
ગુણ ગાતાં ગિરૂઆતણાં રે, વાધે બમણો નેહ
જિનેસર ! પૂરો મારી આશ. જિમ પામું શિવપુરવાસ. જિ. ૧

કાલ અનાદિ નિગોદમા રે, ભમ્યો અનંતીવાર,
કર્મ નટાવે રોળવ્યો રે, સેવ્યાં પાપ અઢાર. જિ. ૨

પ્રાણાતિપાન મૂષા ગણું રે, ત્રીજું અદત્તાદાન,
વિષયારસમાં રાચીયો રે, કીધું બહુ દુર્ધ્યાન. જિ. ૩

નવવિધ પરિગ્રહ મેળવ્યો રે, કીધો ક્રોધ અપાર,
માન માયા લોભે કરી રે, ન લહ્યો તત્વ વિચાર જિ. ૪

રાગ દ્વેષ કલહ કર્યાં રે, દીધાં પરને આળ,
પૈશુન્ય રતિ અરતિ વળી રે, સેવતાં દુઃખ અસરાળ. જિ. ૫

દોષ દીયા ગુણવંતને રે, કીધાં માયામોષ,
મિથ્યાશલ્ય દોષે કરી રે, કીધો અવિરતિ પોષ. જિ. ૬

પાપસ્થાનક સેવી જીવડો રે, રૂલ્યો ચઉગતિ મોઝાર,
જન્મ મરણાદિ વેદના રે, સહી તે અનંત અપાર જિ. ૭

એહ વિડંબન આકરી રે, ટાળો શ્રી જિનરાજ,
બાંહ ગ્રહીને તારજો રે, સારો સેવક કાજ. જિ. ૮

ધર્મ જિણંદ સ્તવતાં થકાં રે, પહોતી મનની આશ,
જિન ઉત્તમપદ સેવતાં રે, રતન લહે શિવવાસ. જિ. ૯

## ૧૬. શાંતિજિન સ્તવન.

(રાગ : ઢંઢણઋષિને વંદણા હું વારી લાલ...)

અચિરાનંદન વંદિયે હું વારી લાલ,
ગુણનિધિ શાંતિજિણંદ રે હું વારી લાલ,
અભયદાન ગુણ આચરૂ હું વારી લાલ,
ઉપશમ રસનો કંદ રે હું વારી લાલ. અ. ૧

મારી મરકી વેદના હું વારી લાલ,
પસરી સઘલે દેશ રે, હું.
દુઃખદાયક અતિ આકરી, હું.
પામે લોક કલેશ રે, હું. અ. ૨

પુન્યાનુબંધી પુણ્યથી હું.
ઉપન્યા ગર્ભ મોઝાર રે, હું.
શાંતિ પ્રવર્તિ જનપદે, હું.
હુઓ જયજયકાર રે. હું. અ. ૩

દોય પદવી એકે ભવે, હું.
ષોડશમો જગદીશ રે હું.
પંચમ ચક્રી, ગુણનીલો. હું.
પ્રહ ઉઠી નામું શીષ રે હું. અ. ૪

દીક્ષા ગ્રહે તે દિન થકી, હું.
ચઉનાણી ભગવાન રે. હું.
ઘાતી કરમના નાશથી હું
પામ્યા પંચમ જ્ઞાન રે. હું. અ. ૫

તીર્થંપતિ વિચરે જિહાં, હું.
ત્રિગડુ રચે સુરરાય રે હું.
સમવસરણ દીયે દેશના, હું.
સુણતાં ભવદુઃખ જાય રે, હું. અ. ૬

પણવીસ સય તે આગણે, હું.
જોયણ લગે નિરધાર રે, હું.
સ્વચક્ર પરચક્રનાં હું.
ભય થાયે વિસરાળ રે હું. અ. ૭

જીવ ઘણા તિહાં ઉધ્ધરી, હું.
શિવપુર સનમુખ કીધ રે, હું.
અક્ષયસુખ જિહાં શાશ્વતા, હું.
અવિચલ પદવી દીધ રે. હું. અ. ૮

સહસ મુનિ સાથે વર્યાં, હું,
સમેતશિખર ગિરિ સિધ્ધ રે, હું.
ઉત્તમ ગુરૂપદ સેવતાં હું.
રતન લહે નવનિધ રે હું. અ. ૯

# ૧૭ શ્રી કુંથુનાથજિન સ્તવન.

(રાગ : નાણ નમોઃ પદ સાતમે...)

કુંથુ જિનેસર સાહિમો, સદ્ગતિનો દાતાર ; મેરેલાલ,
આરાધો કામિત પૂરણો, ત્રિભુવન જન આધાર. મેરેલાલ
સુગુણ સ્નેહી સાહિબો. ૧

દુરગતિ પડતાં જંતુને, ઉધ્ધરવા દીયે હાથ, મેરે લાલ,
ભવોદધિ પાર પમાડવા, ગુણનિધિ તું સમરથ, મે. સુ. ૨

ભવ ત્રીજેથી બાંધીયું, તીર્થંકરપદ સાર, મે.
જીવ સવિની કરૂણા કરી,
વલી સ્થાનક તપથી ઉદાર. મે. સુ. ૩

ઉપકારી અરિહંતજી, મહિમાવંત. મહંત. મે.
નિષ્કારણ જગવચ્છલુ, ગિરૂઓ ને ગુણવંત. મે. સુ. ૪

જ્ઞાનાનંદે પૂરણો, ભાખે ધરમ ઉદાર. મે.
સ્યાદ્વાદ સુધારસે, વરસે જ્યુ જલધાર, મે. સુ. ૫

અતિશય ગુણ ઉદયે થકી, વાણીનો વિસ્તાર. મે.
બારે પર્ષદા સાંભળે, જોયણ લગે તે સાર. મે. સુ. ૬

સારથવાહ શિવપંથનો, આતમ સંપદ ઈશ, મે.
ધ્યાનભુવનમાં ધ્યાવતાં લહીયે અતિશ જગીશ મે. સુ. ૭

છઠ્ઠો ચક્રી દુઃખ હરે, સત્તરમો જિનદેવ મે.
મોટે પુન્યે પામીયો, તુમ પદપંકજ સેવ. મે. સુ ૮

પરમ પુરૂષની ચાકરી, કરવી મનને કોડ મે,
ઉત્તમવિજય વિબુધતણો, રતન નમે કરજોડ મે. સુ. ૯

# ૧૮. શ્રી અરનાથજિન સ્તવન.

(રાગ: સંભવ જિનવર વિનતિ...)

અર જિનવર દીયે દેશના,
સાંભળજો ભવિ પ્રાણીરે,
મીઠી સુધારસ સારિખી,
સુણીયે અનુભવ આણી રે, અર. ૧

આળસ મોહ અજ્ઞાનતા,
વિષય પ્રમાદને છંડી રે,
તન્મય ત્રિકરણ જાગશું,
ધરમસુણો ચિત્ત મંડી રે. અર. ૨

દશ દૃષ્ટાંતે દોહિલો,
નરભવનો અવતાર રે,
સુરમણિ સુરઘટ સુરતરૂ,
તેહથી અધિકો ધાર રે. અર. ૩

એહ અસાર સંસારમાં,
ભમીયો ચેતન એહ રે,
ધર્મે વરજીત દિન ગયા,
હજીય ન આવ્યો છેહ રે. અર. ૪

જ્ઞાન દર્શનમય આતમા,
કર્મ પંકે અવરાણો રે,
શુધ્ધ દયા નિજ હારીને,
અતિશય દોષે ભરાણો રે અર. ૫

દોષ અનાદિથી ઉધ્ધરે,
જૈન ધર્મ જગ સાર રે;
સકલ નયે જો આદરે,
તો હોય ભવોદધિ પાર રે. અર. ૬
જિન આણા જે આરાધના,
વિધિપૂર્વક ઉજમાળ રે,
સાધે તે સંવર નિર્જરા,
પામે મંગળમાળ રે. અર. ૭
ચક્રી ભરતે સાતમો,
અઢારમો જિનરાય રે,
ઉત્તમ વિજય કવિરાજનો,
રતનવિજય ગુણગાય રે. અર. ૮

## ૧૯. શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

(રાગ : જગપતિ નાયક નેમિ જિણંદ...)

જગપતિ સાહિબ મલ્લિ જિણંદ, મહિમા મહિઅલ ગુણનીલો,
જગપતિ દિનકર જયુ ઉધોત, કારક વંશે કુલતિલો. ૧
જ. પ્રબલ પુણ્ય પ્રસાય, ઉધોત નરકે વિષ્તરે.
જ. અંતર મુહુંત તામ, શાતા વેદની અનુસરે. ૨
જ. શાંત સુધારસ વૃષ્ટિ, તુજ મુખ ચંદ્ર થકી ઝરે,
જ. પડિબોહે ભવિ જીવ, મિથ્યાતિમિર દૂર કરે. ૩
જ. ભવસાયરમાં જહાજ, ઉપગારી શિરસેહરો,
જ. તુમ દરિસણથી આજ, કાજ સર્યો હવે માહરો. ૪
જ. દીઠે મુખકજ તુજ, નાઠા ત્રણ પ્રભુ માહરે,

જ, દારિદ્રય પાપ દુર્ભાગ્ય, પુષ્ટાલંબન તાહરે. ૫
જ. ભવભવ સંચિત જેહ, અઘ નાઠાં રળી આપદા,
જ. જાચું નહિં કીશ્યો દામ, માગું તુમપદ સંપદા. ૬
જ. થુણીઓ મન ધરી નેહ,
ઓગણીસમો જિન સુખકરૂ,
જ. નીલ રયણ તનુ કાંતિ, દીપતી રૂપ મનોહરૂ. ૭
જ. જિન ઉત્તમ પદ સેવ, કરતાં સવિ સંપદ મલે,
જ, રતન નમે કરજોડ, ભાવે ભવોદધિ ભવ ટળે. ૮

## ૨૦ શ્રી મુનિસુવ્રતજિન સ્તવન

(રાગ : વીર જિણંદ જગત ઉપકારી...)

મુનિસુવ્રત જિન અધિક દિવાજે;
મહિમા મહિયલ છાજેજી,
ત્રિજગવાંદિત ત્રિભુવન સ્વામી,
ગિરૂઓ ગુણનિધિ ગાજેજી. મુ. ૧
જન્મ વખત વર અતિશયધારી, કલ્પાતીત આચારીજી,
ચરણકરણભૂત મહાવ્રતધારી, તુમચી જાઉં બલિહારીજી, મુ. ૨
જગજનરંજન ભવદુ:ખભંજન, નિરૂપાધિક ગુણભોગીજી,
અલખ નિરંજન દેવદયાળુ, આતમ અનુભવ જોગીજી. મુ. ૩
જ્ઞાનાવરણીય ક્ષયથી પ્રગટયું, અનુપમ કેવળનાણજી,
લોકાલોક પ્રકાશક ભાસક, ઉદયો અભિનવ ભાણજી. મુ. ૪
વરસી વસુધા પાવન કીધી, દેશના સુધારસ સારજી,
ભવિક કમલ પ્રતિબોધ કરીને, કીધા બહુ ઉપકારજી. મુ. ૫

સંપૂરણ તે સિદ્ધતા સાધી, વિરમી સકલ ઉપાધિજી,
નિરૂપાધિક નિજગુણને વરીયા, અક્ષય અવ્યાબાધજી. મુ. ૬

હરિવંશે વિભૂષણ દીયે, રિષ્ટ રતન તનુ કાંતિજી
સુખસાગર પ્રભુ નિર્મળ જ્યોતિ, જોતાં હોય ભવ શાંતિજી. મુ. ૭

સમેતશિખર ગિરિ સિદ્ધિ વરીયા, સહસ પુરુષને સાથજી,
જિન ઉત્તમપદને અવલંબી, રતન થાયે સનાથજી. મુ. ૮

## ૨૧ શ્રી નમિનાથજિન સ્તવન

(રાગ : સોના રૂપાકે સોગઠે...)

નિરૂપમ નમિ જિનેસર, અક્ષય સુખ દાતા,
અતિશય ગુણ અધિકથી, સ્વામી જગ વિખ્યાતા. ૧
બાર ગુણો અરિહંતથી, ઉંચો વૃક્ષ અશોક,
ભવદવપીડિત જંતુને જોતાં જાય શોક. ૨
પીતવરણ સિંહાસને, પ્રભુ બેઠાં છાજે,
દિવ્ય ધ્વનિ દીયે દેશના, નાદે અંબર ગાજે. ૩
છત્ર ધરે ત્રણ સુરવરા, ચામર વીંજાય,
ભામંડલ અતિ દીપતું, પૂંઠે જિનરાય. ૪
યોજન માને સુર કરે, વૃષ્ટિ કુસુમ કેરી,
ગગને ગાજે દુંદુભિ, કરે પ્રદક્ષિણા ફેરી. ૫
અષ્ટ મહા પાડિહારથી, દીપે શ્રી જગદીશ,
અષ્ટ કરમ હેલા હણી, પામ્યા સિદ્ધિ જગીશ, ૬
નામે નવનિધિ સંપજે સેવતાં દુઃખ જાય,
ઉત્તમવિજય વિબુધનો, રતનવિજય ગુણ ગાય. ૭

## ૨૨. શ્રી નેમિનાથજિન સ્તવન

(રાગ : હાંરે મારે ઠામ ધરમના...)

હાંરે મારે નેમિજિનેશ્વર અલવેસર આધાર જો,
સાહિબ રે સોભાગી ગુણમણિ આગરૂ રે લો;
હાંરે મારે પરમ પુરુષ પરમાતમ દેવ પવિત્ર જો,
આજ મહોદય દરિસણ પામ્યો તાહરું રે લો. ૧

હાંરે મારે તોરણ આવી પશુ છોડાવી નાથ જો,
રથ ફેરીને વળીયા નાયક નેમજી રે લો;
હાંરે મારે દેવે અટારે એ શું કીધું આજ જો,
રઢીયાળી વર રાજુલ છોડી કેમજી રે લો, ૨

હાંરે મારે સંયોગી ભાવ વિયોગી જાણી સ્વામી જો,
એ સંસારે ભમતાં કો કેહનું નહિ રે લો;
હાંરે મારે લોકાંતિકને વયણે પ્રભુજી નામ જો,
વરસીદાન દીયે તિણ અવસર જિન સહી રે લો. ૩

હાંરે મારે સહસાવનમાં સહસ પુરુષની સાથ જો,
ભવદુ:ખ છેદન કારણ ચારિત્ર આદરે રે લો;
હાંરે મારે વસ્તુતત્ત્વને રમણ કરંતા સાર જો,
ચોપનમેં દિન કેવલજ્ઞાન દશા વરે જો. ૪

હાંરે મારે લોકાલોક પ્રકાશક ત્રિભુવન ભાણ જો,
ત્રિગડે બેસી ધરમ કહે શ્રી જિનવરુ રે લો;
હાંરે મારે શિવાનંદન વરસે સુખકર વાણી જો,
આસ્વાદે ભવિ ભાવ ધરીને સુંદર રે લો. ૫

હાંરે મારે દેશના નિસુણી બુઝયાં રાજુલ નાર જો,
નિજ સ્વામિને હાથે સંયમ આદરે રે લો;
હાંરે મારે અષ્ટાભવોની પાળી પૂરણ પ્રીત જો,
પિયુ પહેલા શિવલક્ષ્મી રાજીમતી વરે રે લો. ૬
હાંરે મારે વિચરી વસુધા પાવન કીધી સાર જો,
જગ ચિંતામણિ જગ ઉપકારી ગુણનિધિ રે લો.
હાંરે મારે જિન ઉત્તમ પદ પંકજ કેરી સેવ જો,
કરતાં રતનવિજયની કીરતિ અતિ વધી રે લો. ૭

## ૨૩. શ્રી પાર્શ્વનાથજિન સ્તવન

(રાગ : પર્વ પજુસણ આવીયા રે લાલ...)

ત્રિભુવન નાયક વંદિયે રે લો,
પુરિસાદાણી પાસ રે જિનેસર;
સુરમણિ સુરતરૂ સારિખો રે લો,
પૂરતો વિશ્વની આશ રે જિનેસર,
જયો જયો પાસ જિનેસરૂ રે લો. ૧

પુષ્ટાલંબન ભવિકને રે લો, મહિમાનિધિ આવાસ રે,
વાસવ પૂજિત વંદીયે રે લો,
આણી ભાવ ઉલ્લાસ રે. જિ. જયો. ૨

શ્રી જિન તુજ દરિષણ વિનારે, ભમીયો કાળ અપાર રે,
આતમ ધર્મ ન ઓળખ્યો રે લો,
ન લહ્યો તત્ત્વ વિચાર રે. જિ. જયો. ૩

પ્રવચન અંજન જે કરે રે લો, પામી સદ્‌ગુરુ સંગ રે જિ.
શ્રદ્ધા ભાસન પ્રગટતાં રે લો,
લહીયે ધર્મ પ્રસંગ રે, જિ. જયો. ૪

સાધનભાવે ભવિકને રે લો, સિદ્ધને ક્ષાયિક હોય રે, જિ.
પ્રગટ્યો ધર્મ તે આપણો રે લો,
અચલ અભંગ તે જોય રે, જિ. જયો. ૫

તુજ ચરણા મેં ભેટીયા રે લો, ભાવે કરી જિનરાજ રે. જિ.
નેત્રયુગલ જિન નિરખતાં રે લો,
સિધ્યા વંછિત કાજ રે જિ. જયો. ૬

નીલ વરણ નવ કર તનુ રે લો, દીપે તનુ સુકુમાલ રે જિ.
જિન ઉત્તમ પદ સેવતાં રે લો,
રતન લહે ગુણમાળ રે. જિ. જયો. ૭

## ૨૪. શ્રી મહાવીરજિન સ્તવન.

(રાગ: આવો આવો જસોદાના કંત... )

ચોવીસમો શ્રી મહાવીર, સાહિબ સાચો રે,
રત્નત્રયીનું પાત્ર, હીરો જાચો રે. ૧

આઠ કરમનો ભાર, કીધો દૂરે રે,
શિવવધુ સુંદર નાર, થઈ હજુરે, રે ૨

તુમે સાર્યાં આતમકાજ, દુઃખ નિવાર્યાં રે,
પહોતા અવિચલ કામ, નહિં ભવફેરા રે. ૩

જિહાં નહિં જન્મ મરણ, થયા અવિનાશી રે,
આતમ સત્તા જેહ, તેહ પ્રકાશી રે. ૪

થયા નિરંજન નાથ, મોહને ચૂરી રે,
છોડી ભવભય કૂપ, ગતિ નિવારી રે. ૫

અતુલ બલ અરિહંત, ક્રોધ ને છેદી રે,
ફરસી ગુણનાં ઠાણ, થયા અવેદી રે. ૬

એહવા પ્રભુનું ધ્યાન, ભવિયણ કરીયે રે,
કરીયે આતમ કાજ, સિદ્ધિ વરીયે રે. ૭

સેવો થઈ સાવધાન, આળસ મોડી રે,
નિદ્રા વિકથા દૂર, માયા છોડી રે. ૮

મૃગપતિ લંછન પાય, સોવન કાયા રે,
સિધ્ધારથ કુલ આય, ત્રિશલાએ જાયા રે. ૯

બહોંતેર વરસનું આય, પૂરણ પાળી રે,
ઉધ્ધરીયા જીવ અનેક, મિથ્યાત્વ ટાળી રે. ૧૦

જિન ઉત્તમપદ સેવ, કરતાં સારી રે,
રતન લહે ગુણમાળ, અતિ મનોહારી રે. ૧૧

## કળશ

(આતમ ભક્તિ મલ્યા કેઈ દેવા એ રાગ:)

ચોવીસ જિનેસર ભુવનદિનેસર,
નિરૂપમ જગઉપકારીજી,
મહિમાનિધિ મોટા તુમે મહિયલ,
તુમચી જાઉં બલિહારીજી. ૧

જન્મ કલ્યાણક વાસવ આવી,
મેરૂશિખર નવરાવેજી,
માનું અક્ષય સુખ લેવા સુર,
આવી જિનગુણ ગાયજી. ૨
ગૃહવાસ છંડી શ્રમણપણું લહી,
ઘાતી કરમ ખપાયાજી,
ગુણમણિ આકર જ્ઞાન દિવાકર,
સમવસરણ સુહાયાજી. ૩
દુવિધ ધરમ દયાનિધિ ભાખે,
તારે ગ્રહીને હાથેજી,
વાણી સુધારસ વરસી વસુધા,
પાવન કીધી નાથેજી. ૪
ચોત્રીસ અતિશય શોભાકારી,
વાણી ગુણ પાંત્રીશજી,
અષ્ટ કરમ મલ દૂર કરીને,
પામ્યા સિધ્ધિ જગીશજી. ૫
ચોવીસ જિનનું ધ્યાન ધરંતા,
લહિયે ગુણમણિ ખાણજી
અનુક્રમે પરમ મહોદય પદવી,
પામે પદ નિરવાણજી. ૬
તપગચ્છ અંબર ઉગ્યો ભાનુ,
તેજ પ્રતાપી છાજેજી,
વિજય દેવસૂરીશ્વર રાયા,
મહિમા મહિયલ ગાજેજી. ૭

તાસ પાટ પ્રભાવક સુંદર,
વિજયસિંહ સૂરીશજી,
વડભાગી વૈરાગી ત્યાગી,
સત્યવિજય મુનીશજી. ૮
તસ પદ પંકજ મધુકર સરીખા,
કપુરવિજય મુણીંદાજી,
ખિમાવિજય તસ આસન શોભિત,
જિનવિજય ગુણચંદાજી. ૯
ગીતારથ સારથ સોભાગી,
લક્ષણ લક્ષિત દેહાજી,
ઉત્તમવિજય ગુરૂ જયવંતા,
જેહને પ્રવચન નેહાજી, ૧૦
તે ગુરૂની બહુ નેહ નજરથી,
પામી અતિ સુપસાયાજી,
રતનવિજય શિષ્ય અતિ ઉછરંગે,
જિન ચોવીસ ગુણગાયાજી. ૧૧
સુરત મંડન પાસ પસાયા,
ધર્મનાથ સુખદાયાજી,
વિજય ધર્મસૂરીશ્વર રાજ્યે,
શ્રદ્ધા બોધ વધાયાજી. ૧૨
અઢારસેં ચોવીસ વરસે,
સુરત રહી ચોમાસજી,
માધવમાસે કૃષ્ણ પક્ષમાં,
ત્રયોદશી દિન ખાસજી. ૧૩

# શ્રી પ્રેમ વિબુધના ભાણુવિજયજી કૃત
# ચોવીસી સ્તવનો

## ૧. શ્રી ૠષભજિન સ્તવન

(રાગ : પરમાતમ પૂરણ કલા અથવા મોટા સ્વામી હો...)

મોરા સ્વામી હો શ્રી પ્રથમ જિણંદ કે,
ૠષભ જિનેશ્વર સાંભળો.
મુજ મનની હો જે હું કહું વાત કે,
છોડી મનનો આમળો. મોરા. ૧
ગુણ ગિરૂઆ હો અવસર લહી આજ કે,
તુજ ચરણે આવ્યો વહી,
સેવકને હો કરૂણાની લ્હેર કે,
જુઓ જો મનમાં ઉમહી, મોરા. ૨
તો હોવે હો અંગોઅંગ આલ્હાદ કે,
ન કહી જાએ તે વાતડી,
દયાસિંધુ હો સેવકને સાથકે,
અવિહડ રાખો પ્રીતડી. મોરા. ૩
હવે અંતર હો નવિ ધરવો ચિત્ત કે,
નિજ સેવક કરી લેખવો,
સેવા ચરણની હો દેજયો વળી મુજ કે,
નેહભર નજરે પેખજયો. મોરા. ૪
ઘણું તુમને હો શું કહું ભગવાન કે,
દુ:ખ દોહગ સહુ ચૂરજો,
પ્રેમવિબુધનો હો ભાણવિજયના સ્વામી કે,
મનવંછિત તુમે પૂરજો. મોરા. ૫

## ૨. શ્રી અજિતજિન સ્તવન

(રાગ : ધન ધન શ્રી મુનિરાજ અનાથી...)

અજિતજિન ઓળગ માહરી, એ તો સુંદર સુરતિ તાહરી,
હું તો જોવાને ઘણું ઉમહ્યો, પૂરવ પુન્યે તુજને મેં લહ્યો. ૧

મ્હારી ભાગ્યદશા જાગી હવે, તારી મૂરતિએ દિલ ઠવે,
ગંગાજલમાં હું નાહ્યો સહી,
મુજ સમ પુણ્યવંત બીજો કો નહિ. ૨

મુખ માગ્યા પાસા મુજ ઢળ્યા, ઈચ્છંતા સજજન આવી મળ્યા,
એ તો સુરતરૂ ફળીયો આંગણે, દૂધે મેહ વૂઠા મુજ બારણે. ૩

હવે સહુથકો અધિક હું થયો, જબ મેં તુમસમ ઠાકુર લહ્યો,
સેવકને નિરવહજો તુમે, એટલી વિનંતી કરીએ અમે. ૪

સકલ સૂરિશ્વરમાં શોભતા, શ્રી વિજયપ્રભ સૂરિ દીપતા,
પંડિત્તોત્તમ પ્રેમવિજયતણો, તુમ દરિસણે ભાણને સુખ ઘણો. ૫

## ૩. શ્રી સંભવજિન સ્તવન

(રાગ : સાહિબા સોભાગી સોભાગી...)

ત્રીજા સંભવજિનની સુખદાયી, પૂરવ પુણ્યે સેવા પાયી,
ક્ષણ ઉત્તમને પ્રસંગે. લહતાં સુખ હોએ અંગે...રે
સાહિબા સોભાગી મુજ તુજ ચરણે લય લાગી. ૧

તો તુમ જેવાની જે સેવા, તેહનું શું કહીયે દેવા,
ત્રિભુવન તારક તુજને મેં દીઠો, અમૃતથી લાગ્યો મીઠો. સા. ૨

તુમ ચરણે મુજ મનડું બાંધ્યું, વળી ભક્તિગુણે કરી સાંધ્યું,
હરિહરાદિશું ચિત્ત ન રાખ્યું, એક તુમ સેવામૃત ચાખ્યું. સા. ૩

હેજ ધરીને સેવક સામું, જુઓ એ બગસીસ પામું,
ઓળગડી એ સાહિબ માહરી, ચિત્ત ધરજો જગહિતકારી. સા. ૪

ઘણું ઘણું તમને શું કહીએ, સેવકને સંગે વહીયે,
પંડિત પ્રેમવિજય સુપસાયા, ભાણવિજય નમે તુમ્હ પાયા.
સાહિબા સોભાગી. ૫

## ૪. શ્રી અભિનંદનજિન સ્તવન

(રાગ : સાહેબા માહરા......)

સાહેબા માહરા, અભિનંદન જિનરાય રે સાંભળો સાહિબા
સુરનરસેવિત તુમ પાય રે .........સાંભળો સાહિબા
સેવક મનડાની વાત. વાત કહું તે સુણો અવદાત. સા. ૧

મોટા જનશું જે પ્રીત, કરવી તે ખોટી રીત,
અમ મનમાં તુ પ્રભુ એક, અમ સમ તુમને અનેક રે. સાં. ૨

નિરાગીશું ધરે નેહ, છટકી દેવે એ છેહ,
શી ધરવી પ્રીત તે સાથ, જેમ નિષ્ફળ ગગને બાથ રે. સા. ૩

પણ મોટાની જે સેવ, નિષ્ફળ ન હોવે કદૈવ,
મુજ ઉપરે ભગવાન, તુમે હોજો મહેરબાન રે. સાં. ૪

તપગચ્છમાં શિરતાજ, શ્રી વિજયપ્રભસૂરિરાજ,
પ્રેમવિબુધ સુપસાય, ભાણ નમે તુમ પાયે રે. સાં. ૫

## ૫. શ્રી સુમતિજિન સ્તવન

(રાગ : જીવનમાં મચ્યા છે એવા ધીંગાણા)

ધન ધન દિવસ આજનો મારો, ધન ધન વળી ઘડી જેહ,
ધન ધન સમય વળી જે તારૂં, દરિસણ દીઠું નયણેહ,
મારું મન માન્યું રે સુમતિ જિણંદશું.
મારૂં દિલ માન્યું રે સુમતિ જિણદશું. ૧

સુંદર મૂરતિ મેં દીઠી તાહરી, કેટલા દિવસે આજ,
નયન પાવન થયાં પ્રભુંજી હમારા, પાપતિમિર ગયાં ભાંજ. મા, ૨

ખાસો ખિજમતગાર તે જાણી, કરૂણા ધરો મનમાંહિ,
સેવક ઉપર હિતબુધ્ધિ આણીને, વળી ધરી મન ઉચ્છાંહ. મારૂં ૩

નિર્મલ સેવામૃત મુજ આપીયે, જિમ બુઝે મારા ભવનાં રે તાપ
હવે દરિસણનો વિરહ તે મત કરો,
વળી મેટજો મનનો સંતાપ. ૪

ઘણું ઘણું શું કહીયે તુમને, તુમે છો ચતુર સુજાણ,
મુજ મન વંછિત પૂરજો એમ ભણે,
પંડિત પ્રેમનો ભાણ મારૂં. ૫

## ૬ શ્રી પદ્મપ્રભજિન સ્તવન

(રાગ: આ છે લાલ...)

શ્રી પદ્મપ્રભ સ્વામી, અરજ સુણો અભિરામી,
આજ હો શિરનામી રે, બહુવિધ પરે વિનવુંજી. ૧

તુમે છો જગદાધાર, મુજ સેવકને તાર,
આજ હો ધારી રે, મુજ સ્વામીજી નિજ ચિત્તમાંજી. ૨

ભક્તવત્સલ ભગવાન, મુજપે હોજો મહેરબાન,
આજ હો મુજ ઉપરે, બમણી સ્નેહલતા ધરીજી. ૩

તુજ સમ માહરે સ્વામી, હવે ન રહી કાંઈ ખામી,
આજ હો કામિત રે મારા, હવે પૂરણ થાયશેજી. ૪,

પ્રેમવિબુધ સુપસાય, ભાણ નમે તુમ પાય,
આજ હો દેજો રે, ભાણ તુમ પદ સેવનાજી. ૫

## ૭ શ્રી સુપાર્શ્વજિન સ્તવન

(રાગ : ભરતને પાટે ભૂપતિ રે...)

પાસે સુપાસજી રાખીયે રે, સેવક ચિત્તમાં આણી સલુણા,
જિમ હું અંતર ચિત્તનીરે, વાત કહું ગુણખાંણી. સલુણા. ૧

કરૂણાવિલાસી તુમે ય છો, કરૂણાગાર કૃપાલ, સ.
કરૂણારસ સરોવરે રે, પ્રભુ તું છે મરાલ. ૨

અપરાધી જો સેવક ઘણું, તો પણ નવિ છંડાય, સ.
જિમ વિદ્યુત અગ્નિ સમી, નવિ છંડે મેઘરાય. સલુણા. ૩

તે માટે છાંડતાં થકાં, શોભશો કિમ મહારાય, સ.
બાહ્ય ગ્રહયાંની લાજ છે રે, ઘણું શું તમને કહાય. સલુણા. ૪

તું છંડે પણ હું નવિ છંડુ તુજને હે મહારાજ, સ.
તુમ ચરણે ભાણ આવીયો, પ્રેમવિબુધ સુપસાય. ૫

## ૮ શ્રી ચંદ્રપ્રભજિન સ્તવન

(રાગ : સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ–)

શ્રી ચંદ્રપ્રભ માહરાજી, તુમે છો દીનદયાળ
મહેર ધરી મુજ ઉપરેજી, વિનતી માનો કૃપાળ,
સસનેહા પ્રભુશું, લાગ્યો અવિહડ નેહ
જિમ ચાતક મન મેહ...... સસનેહા ૧
સજ્જનશું જે નેહલોજી, કરતાં બમણો રંગ,
દુર્જનજનશું પ્રીતડીજી, ક્ષણ ક્ષણમાં મતભંગ, સસનેહા. ૨
ઉત્તમજનશું રૂસણાંજી, તેહ પણ ભલા નિરધાર,
મૂરખજનશું ગોઠડીજી, કરતાં રસ ન લગાર, સસનેહ. ૩
મનમાં એમ જાણી કરીજી, આવ્યો તુમારી પાસ,
નિરવહીયે હવે મુજનેજી, જિમ પહોંચે મનની આશ. સસનેહા ૪
બહુલપણે શું દાખીયેજી, તુમે છો બુધ્ધિનિધાન,
પ્રેમવિબુધના ભાણશુંજી, રાખો પ્રીત પ્રધાન. સસનેહા. ૫

## ૯ શ્રી સુવિધિજિન સ્તવન

(રાગ : તું પ્રભુ મારો હું પ્રભુ તારો...)

સુવિધિજિણંદ મને દર્શન દ્યોને,
દિલભર દિલથી મારી સામુ થેં જુઓને,
હસી તારા ચિત્તની વાત મને થેં કહોને,
પ્રીતની રે રીતમાં શું થેં વહોને. ૧
અંતર ચિત્તની વાર્તા રે, પ્રભુ કહું તે ચિત્ત ધરોને,
પ્રીત પ્રતીત જિમ ઉપજે રે, તિમ અવિહડ પ્રીત કરોને. ૨

સુંદર તુમ મુખ મરકડે રે, પ્રભુ લોભાવ્યો તે અમને,
મુજ મન મળવા અતિઘણું રે, ચાહે ક્ષણ ક્ષણમાંહે તુમને. ૩

લલચાવશો દિન કેટલા રે, ઈમ મુજને દિલાસો દઈને,
હા ના મુખથી ભાખીયે રે, બેસી શું રહ્યા મૌન લઇને. ૪

હસિત વદને બોલાવીને, આજ મુજને રાજી કરોને,
વંછિત દેઈ અમને તુમ્હે, જગમાં સુજસ વરોને. ૫

રોગ શોક દુઃખ દોહગ, પાપ તાપ સંતાપ હરીને,
પંડિત પ્રેમના ભાણને રે, તુમે પ્રસન્ન હોજો હેજ ધરીને. ૬

## ૧૦ શ્રી શીતલનાથ સ્તવન

(રાગ : સિધ્ધાચલના વાસી વિમલાચલના વાસી.)

એ તો શ્રી શીતલજિન મેરા, મેં તો ચરણ ગ્રહયા પ્રભુ તેરા,
અબ દૂર કરો ભવ ફેરા રે...
પ્રભુ મારે મન માન્યા, વિભુ મારે દિલ માન્યા... અબ. ૧

એ તો શીતલ મુદ્રા એહની, વળી શીતલ વાણી જેહની,
એહ સમ મૂરતિ નહિં કેહની,
એ તો શીતલ મુદ્રા એહની, પ્રભુ. ૨

તુમ વાણી ઘણી ઘણી મિષ્ટ,
સાકર દ્રાખથી એ વિશિષ્ઠ,
એ તો લાગે છે મુજમન ઈષ્ટ,
તુમ વાણી ઘણી ઘણી મિષ્ટ. પ્રભુ. ૩

તુમ શીતલ નામ પ્રધાન,
મુજ તનમન કરી એકતાન,
તુમ નામે કરૂં કુરબાન,
તુમ શીતલ નામ પ્રધાન. પ્રભુ. ૪

નિજ મરણની સેવા દેજો,
નિજ બાલક પરે મને ગણજો,
બાંહ્ય ગ્રહીને તુમે નિરવહજો,
તુજ ચરણની સેવા દેજા. પ્રભુ. ૫

એ તો પ્રેમવિબુધ સુપસાયે,
ભાણવિજય નમે તુમ પાય,
તુમ દરિસણે આનંદ થાય,
એતો પ્રેમવિબુધ સુપસાય. પ્રભુ મારે મન માન્યા. ૬

## ૧૧ શ્રી શ્રેયાંસજિન સ્તવન

(રાગ : શ્રી સાહિબા વિનતી અમતણીજી...)

શ્રી શ્રેયાંસજી વિનતી અમતણીજી,
માનો તુમે પ્રાણ આધાર હો,
અમ મનની વાત અછે ઘણીજી,
એક વચને શ્યે દાખું પ્રકાર હો. ૧

મોટાને થોડું જ દાખીયેજી,
થોડામાંહી ઘણો રે સવાદ હો,
મુજ મનમાં ચિંતા એ મોટકીજી,
ઉપજંતે હૃદય આલ્હાદ હો. ૨

હવે જાણ્યું ચિત્તમાં વિચારતાંજી,
સ્વામી છો તુમે મનના જાણ હો,
તેહ માટે થોડે વિનવુંજી,
ઘણું તુમને કહેવું અપ્રમાણ હો. ૩

સેવકને કૃપા કરી દીજીયેજી,
અતિ અદ્ભુત વંછિત દાન હો,
તુમ પાસે ચાર અનંતછેજી,
અંશ તો દ્યો દ્યો ભગવાન હો. ૪

ઓળગ એ ચિત્તમાં ધારજોજી,
મુજપે તુમે હોજો મહેરબાન હો,
પંડિતોત્તમ પ્રેમ વિજય તણોજી,
ભાણવિજયતે ધરે તુમ ધ્યાન હો. શ્રી. ૫

## ૧૨ શ્રી વાસુપૂજ્યજિન સ્તવન

(રાગ : સિધ્ધાચલના વાસી...)

શ્રી વાસુપૂજ્યજી સાહિબ માહરા,
પ્રભુ લાગો છો તમે પ્રાણપ્યારા,
સાહિબા જિનરાજ હમારા,
મોહના જિનરાજ હમારા.
તન મન ચિત્ત વલગ્યું તુમશું,
હવે અંતર રાખો કિમ અમશું ૧

દાસની આશા પૂરીયે પ્યારા,
જો તમે નામ ધરાવો જગદાધારા,

અકળ લીલા તુમ પાસે જે સ્વામી,
હિત આણી દીજીયે અંતરજામી. ૨

અટલી વિમાસણ શી છે તુજને,
એ તો વંછિત દેતા સ્વામી મુજને,
ખોટ ખજાને નહિં પડે તારે,
પણ અક્ષય ખજાનો હોશે માહરે. ૩

ભલો ભુંડો પણ પોતાનો જાણી,
વળી કરૂણાની લ્હેર તે મનમાં આણી,
અમને મનોગત વંછિત દેજો,
પ્રભુ હેત ધરીને સામી જો જો. ૪

વારંવાર કહું શું તુમને,
સેવા ફળ દેજો સ્વામી અમને,
પ્રેમવિબુધના ભાણની પ્રભુજી,
તુમ નામે દોલત ચઢતી વિભુજી. સાહિબા. ૫

## ૧૩ શ્રી વિમલજિન સ્તવન

(રાગ : હાંરે લાલા મુનિ પાયે ઝાંઝર રણુઝણો.)

હાંરે લાલા વિમલજિનેશ્વર સેવીયે,
એતો વિમલ અછે તસ નામ રે,
વિમલવાણી ગુણ જેહના,
જસવિમલ અછે પરિણામ રે, લાલા. ૧

એ તો લિમળ કમળદલ પાંખડી,
સમ નયન યુગલ છે જાસ રે;

મુખપંકજ ઘણું વિમળ છે,
વળી વિમળ છે મુદ્રા જીસરે લાલા. ૨
દર્શન ચારિત્ર વિમળ છે,
એતો વિમળ છે કેવળજ્ઞાન રે,
સ્તુતિ સ્તવના જસ વિમળ છે,
વળી વિમળ છે, શુકલધ્યાન રે લાલા. ૩

સત્તરભેદે સંયમ કહ્યો,
તેહજ પણ વિમળ છે તાસ રે,
યશકીર્તિ ઘણું વિમળ છે,
ગુણવિમળ જે ગુણનો આવાસ રે. ૪

પ્રેમવિબુધ સુપસાયથી,
ભાણવિજયને જયજયકાર રે,
નિતનિત ચરણકમળ પ્રત્યે,
પ્રણમે એ પ્રભુના ઉદાર રે લાલા. વિમલ. ૫

## ૧૪ શ્રી અનંતનાથજિન સ્તવન

(રાગ : તેરે સુર ઔર મેરે ગીત)

સુંદર મૂરતિ તુમતણી, પ્યારી લાગે જિણંદા,
ક્ષણ એક સંગ ન પરિહરૂં, તુમ દીઠે આણંદા,
અહો પ્રભુ મોહનગારા... ૧

કૌમુદચંદ્ર સમાન છે, પ્રભુજી તુમ મુખડું,
લગનલાગી જોવાતણી, એહમાં નહિં કુડું. અહો ૨

વિકસિત પદ્મસમાન છે, સાહિબ તુમ નયણાં,
સાકર દ્રાખથકી ઘણાં, મીઠાં તુમ વયણાં, અહો ૩
આણંદ પામ્યો દેખીને, અનંતજિન તુમને રે,
હૃદયે ઉલટ આણીને, વંછિત દેજો અમને રે. અહો. ૪
શ્રી વિજયપ્રભસૂરિ ગચ્છધણી, તપગચ્છમાં દિણંદા,
પંડિત પ્રેમના ભાણને, તુમ નામે આણંદા. અહો. ૫

## ૧૫ શ્રી ધર્મનાથજિન સ્તવન

(રાગ : નગરી નગરી દ્વારે દ્વારે...)

લ્યોને લ્યોને લ્યોને મુજરો, ધર્મજિનેશ્વર પ્યારા,
મુજરો લ્યોને લ્યોને, જીવનપ્રાણ આધારા. લ્યોને. ૧
તુમગુણ રંગે અમે પભુ, માચ્યા રાચ્યા નામ સુણીને (૨)
દરિસણના અર્થી તુમકને આવ્યા, દાયક જાણીને (૨) લ્યો. ૨
અજર ન કીજે ઘડી એકની હવે, દીજે દરિસણ અમને (૨)
દરિસણ દેઈ પ્રસન્ન કીજે, એ શોભા છે તુમને (૨) લ્યો. ૩
મુજ ઘટ પ્રગટયો આણંદ અતિહું. નવલી મૂરત પેખી (૨)
વિકસિત કમલ પરે મુજ હયું, થાએ તુમ મુખ દેખી (૨)
લ્યો. ૪
મુજ ભક્તિએ તુમ આકર્ષ્યાં, આવ્યા છો મુજ ઘટમાં (૨)
ન્યુનતા ન રહી હવે કશી મારે, મુજ સમ કો નહિં
જગમાં (૨) લ્યો. ૫
સુવ્રતાનંદન સુરવરસેવિત, પૂરણ પુન્યે પાયો, (૨)
પંડિત પ્રેમવિજય સુપસાયે, ભાણવિજય મન ભાયો (૨)
લ્યોને લ્યોને. ૬

## ૧૬ શ્રી શાંતિજિન સ્તવન

(રાગ : દીઠી હો પ્રભુ દીઠી.)

સાહિબ હો તુમે સાહિબ શાંતિ જિણંદ
સાંભળો હો પ્રભુ સાંભળો વિનતી માહરીજી,
મનડું હો પ્રભુ મનડું રહ્યું લપટાય,
સૂરતિ હો પ્રભુ સૂરતિ દેખી તાહરીજી. ૧

આશા હો પ્રભુ આશા મેરૂ સમાન,
મનમાં હો પ્રભુ મનમા હુંતી મુજ અતિ ઘણીજી.
પૂરણ હો પ્રભુ પૂરણ થઇ અમ આશ,
મૂરતિ હો પ્રભુ મૂરતિ દીઠે તુમ તણીજી. ૨

સેવક હો પ્રભુ સેવક જાણી સ્વામી,
મુજશું હો પ્રભુ મુજશું અંતર નવિ રાખીયેજી,
વિલગા હો પ્રભુ વિલગા ચરણે જેહ,
તેહને હો પ્રભુ તેહને છેહ ન દાખીયેજી. ૩

ઉત્તમ હો પ્રભુ ઉત્તમજનશું પ્રીત,
કરવી હો પ્રભુ કરવી નિશ્ચે તે ખરીજી,
મૂરખ હો પ્રભુ મૂરખશું જસવાદ,
જાણી હો પ્રભુ જાણી તુમશું મેં કરીજી. ૪

નિરવહવી હો પ્રભુ નિરવહવી તુમ હાથ,
મોટાને હો પ્રભુ મોટાને ભાખીયે શું ઘણુંજી,
પંડિત હો પ્રભુ પંડિત પ્રેમનો ભાણ,
ચાહે હો નિતુ ચાહે દરિસણ તુમતણુંજી. ૫

## ૧૭. શ્રી કુંથુનાથજિન સ્તવન

(રાગ : ભૂલ્યો મન ભમરા તું કાં ભૂલ્યો.)

શ્રી કુંથુજિનરાજજી, વિનવી કહું મનની વાત,
મહેર ધરી સેવક ભણી, સુણો વિનતી તો આને ધાત. શ્રી. ૧
અવસર પામી કહો પ્રભુ, કુણ એળે તે ગમી જાય,
તિમ અવસર પામી તુમ પ્રતે,
હું વિનવું છું જિનરાય. શ્રી. ૨
સજ્જન એકાંતે મળ્યાં, કહેવાયે મનની વાત;
પણ મુજ મનની જે વારતા,
તે તો જાણો છે સહુ અવદાત. શ્રી. ૩
પણ એક વચન જે કહું, તે તો માનો સુપ્રસન્ન,
અતુલો અમૃત પાઈએ,
જિમ હરખિત હોય મુજ મન્ન શ્રી. ૪
ભવભવ તુમ પદ સેવના, હવે દેજો શ્રી જિનરાય,
પ્રેમ વિબુધના ભાણને,
તુમ દરિસણથી સુખ થાય. શ્રી. ૫

## ૧૮. શ્રી અરનાથજિન સ્તવન

(રાગ : તુમશું મોહીની રે...)

શ્રી અરજિન શું પ્રીતડી રે, મેં કીધી એકતાર,
પ્રીત કરી કપટે રમે, સ્વાદ નહિ લગાર રે.
તુમશું નેહલો રે. ૧
દિન દિન વધતી નેહ વૃત્તિ, અલેહ રે દાલિદ્ર,
શોભા લહે અતિ ઘણી, ભય પામે તેહથી ક્ષુદ્ર રે. તુમ. ૨

ઉત્તમજન શું પ્રીતડી રે, વાંછિત દાયક હોય,
ઈમ જાણી તુમશું પ્રભુ, મેં પ્રીત કરી છે જોય રે. તુમ. ૩

હવે સેવક જાણી આપણો રે, થાઓ તુમે પ્રસન્ન,
હું પણ જાણું તો ખરી, મેં પ્રીત કરી તે ધન્ન રે. તુમ. ૪

મહેર કરી મુજ ઉપરે રે, દરિસણ દ્યો એક વાર,
જિમ પ્રેમવિબુધના ભાણની, થાયે ઈચ્છા પૂરણ નિરધાર.
તુમશું નેહલો રે. તુમ ૫

## ૧૯. શ્રી મલ્લિનાથજિન સ્તવન

(રાગ : તુજ મુજ મનની રીત)

મલ્લી જિણંદજી વાત, કયુ તુમ સુણો ન મેરીરી,
જબ દરિસણ દેખો તોય, તબ મેરી ગરજ સરેરી. ૧

અબ મુજથી ડરે સોય, અષ્ટ કરમ વયરીરી,
શુભ મતિ જાગીય મોય, દુર્મતિ મોંસે ડરીરી. ૨

અબ પ્રગટ્યો મુજ ચિત્ત, અનુભવ સૂર સમોરી,
તવ લહ્યો દેવ કુદેવ, દુર દુરધ્યાન થમ્યોરી. ૩

લગન લગી તો સાથ, અબ કયું સંગ તજુરી,
તુમ ચરણે લપટાય, રહી તો નામ ભજુંરી. ૪

પરસન્ન હોજો મોય, એહ હું અરજ કરૂંરી,
પ્રેમવિબુધ ભાણ એમ, કહે તુમ આન ધરૂંરી, ૫

## ૨૦. શ્રી મુનિસુવ્રતજિન સ્તવન
(રાગ : હાંરે મારે ઠામ ધરમના...)

હાંરે મુજ પ્રાણાધાર તું મુનિસુવ્રત જિનરાયે જો
મળીયો હેજે હળીયો પ્રીત પ્રસંગથી રે લો,
હાંરે મુજ સુંદર લાગી માયા તાહરી જોર જો,
અલગો ન રહું હું પ્રભુ તુજ સંગથી રે લો. ૧

હાંરે માનું અમીય કચોલાં હેજાળાં તુમ નેન જો,
મનોહર રે હસિત વદન પ્રભુ તાહરૂં રે લો,
હાંરે કોઈની નહિ તીન ભુવનમાં તુમ સમ મૂરતિ જો,
એહવી સુરતી દેખી ઉલ્લસ્યું મન માહરૂં રે લો. ૨

હાંરે પ્રભુ અંતર પડદો, ખોલી કીજે વાત જો,
હેજ હેયાથી આણી મુજને બોલાવીએ લો,
હાંરે પ્રભુ નયણ સલુણે સન્મુખ જોઈ એકવાર જો,
સેવકના ચિત્તમાંહી આણંદ ઉપજાવીયે રે લો. ૩

હાંરે પ્રભુ કરૂણાસાગર દીનદયાળ કૃપાળ જો,
મહેર ધરી મુજ ઉપર પ્રીત ધરી હીયે રે લો,
હાંરે પ્રભુ નિજ બાલક પરે મુજ લેખવજો જિણંદ જો,
પ્રીત સુરંગી અવિહડ મુજશું નિવાહીયે રે લો. ૪

હાંરે પ્રભુ બાહ્ય ગ્રહ્યાની લાજ છે તુજને સ્વામી જો,
ચરણસેવા મુજને દેજો હેતે હસી રે લો,
હાંરે પ્રભુ પંડિત પ્રેમવિજયનો કવિ એમ ભાણ જો,
પભણે રે જિનમૂરતિ મુજ દિલમાં વસી રે લો. ૫

## ૨૧. શ્રી નમિનાથજિન સ્તવન

(રાગ : વીર જિણંદ જગત ઉપકારી)

શ્રી નમિનાથજી સાહિબ સાંભળો,
તુમ ચરણાંબુજ લીનોજી,
મુજ મન મધુકર અતિહે રૂઅડો,
તુમ ગુણ વાસે ભીનોજી. શ્રી. ૧

હરિહરાદિક ધતૂર ઉવેખીને,
અબુઝ પ્રત્યય આણીજી,
દુરમતિ વાસે તેહ સરયા છે,
બહુ ઈમ અંતર જાણીજી. શ્રી. ૨.

તે દેવ છંડી તુજને આશ્રયો,
કરવા ભજન તુમારોજી,
સ્નેહદશા નિજ દિલમાં આદરી,
પ્રભુજી મુજને તારોજી. શ્રી. ૩

ભવભવ તુંમ પદકમલની સેવના,
દેજો શ્રી જિનરાજોજી,
એ મુજ વિનતી ચિત્તમાં ધરજો,
ગિરૂઆ ગરીબ નવાજોજી. શ્રી. ૪

તપગચ્છનંદન અમરદ્રુમ સમો,
શ્રી વિજયપ્રભ સૂરિરાયજી,
પ્રેમવિબુધ પય સેવક ઈણ પરે,
ભાણ નમે તુમ પાયજી. શ્રી. ૫

## ૨૨ શ્રી નેમનાથજિન સ્તવન

(રાગ : મનવસી મનવસી મનવસી રે...)

નયન સુલુણા હો વાહલા, સસનેહા પ્રભુ નેમ,
તોરણ આવીને તુમ્હે, પાછા વળી ગયા કેમ. નયન. ૧

આસો વાદળની પરે, એવડો આડંબર કીધ,
જાન લઈને આવ્યા વહી, પણ થયા અપ્રસિધ્ધ. નયન. ૨

નેહ નિવાહી નવિ શકયા, ક્ષણમાં દીધો છેહ,
એ શી જાદવ રીત છે, જે પૂરણ પાળો ન નેહ. નયન. ૩

લાલચ દેઈને તુમ્હે, કરી નિજ નારી નિરાશ,
વચન સહુના અવગણી, ગિરનાર કીધો વાસ. નયન. ૪

સિધ્ધ અનેકે વિલસી જે, તેહથી કીધો પ્રેમ,
ભવભવની નાર જે મૂકો, રીતી શી છે તુમ એમ. નયન. ૫

ઈણ પરે વિલપતી બહુ પરે, પહુતી ગઢ ગિરનાર,
કેવલ દરિસણ અનુભવે, પહુતી મુગત આગાર– નયન ૬

ધન ધન નેમ રાજુલ જેણે, પાળી પૂરણ પ્રીત,
ભાણ ભણે બુધ પ્રેમનો, સાચી એ ઉત્તમ રીત. નયન. ૭

# ૨૩ શ્રી પાર્શ્વનાથ સ્વામી સ્તવન

(રાગ : અખંડ સૌભાગ્યવતી)

વામાનંદન શ્રી પ્રભુ પાસ, મારી સાંભળો તુમે અરદાસ,
અમે સેવક તુમારા, તુમ્હે છો સ્વામિ હમારા.
સાહિબા સસનેહા હો સાહિબ મોરા સસનેહા. ૧

સુંદર પ્રભુજી તુમ રૂપ, જસ દીઠે હાર્યો રતિ ભુપ,
પ્રભુ મુખ વિધુ સમ દીસે, દેખી ભવિયણનાં મન હીસે. સા. ૨

કમળદળ સમ પ્રભુ તુમ નયણાં, અમૃતણી મીઠા છે વયણાં,
અર્ધચંદ્ર સમ તુમ ભાલ, માનુ અધર જિસ્યા પરવાલ.
સા. ૩

શાંત દાંત ગુણોનો તું ભરીયો, એ તો અગણિત ગુણનો છે દરીયો,
સાચો શિવપુરનો સાથ, તું છે અનાથનો નાથ. સા. ૪

એ તો ભજન કરવા તાહરૂં, પ્રભુ ઉલ્લસ્યું છે મનડું માહરૂં,
એ તો પ્રેમબુધનો, શિસ, ભાણવિજય નમે નિશદિસ.
સા. ૫



# ૨૪ શ્રી મહાવીર સ્વામી સ્તવન

(રાગ : વાસુપૂજ્ય જિન અંતરજામી. યાને શાસ્ત્રીય)

આણંદમય નિરૂપમ ચોવીસમો, પરમેશ્વર પદ નિરખ્યો રે,
પરમેશ્વર પદ જેહને છાજે, અંતર ચિત્તથી મેં
પરખ્યો રે. ૧

ધારક છે દેવ શબ્દ ઘણેરાં, પણ દેવતત્વ ન ધરે રે,
જેમ કનક કહીયે ધંતુરને, હેમની ગત તે ન સરે રે.
આ. ૨

જે નર તુમ ગુણ ગણમાં મોહયા, તે કિમે અવરને
સેવે રે,
માલતી કુસુમે લીના ને મધુકર, અવર સુરભિન લેવે
રે. આ. ૩

ચિત્ત પ્રસન્ને જિનજીની ભજના, સજ્જન કહો કિમ
ચૂકે રે,
ઘર આંગણ ગંગા પામીને, કુણ ઉવેખી મૂકે
રે. આ. ૪

ધ્યેય સ્વરૂપે ધ્યાયે તુમને જે, મન વચ કાય
આરાધે રે,
પ્રેમવિબુધ ભાણ પભણે તે નર, વર્ધમાન સુખ સાધે રે.
આણંદમય. ૫

## ० શ્રી ગુરૂભગવંતની સ્તુતિઓ ०

(રાગ : એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું)

સુવિશાળ ગચ્છાધિપતિના, બિરૂદથી જે શોભતાં,
ઉન્માર્ગનું ઉન્મૂલન ને, સન્માર્ગને સંરક્ષતા,
પ્રચંડ ઝંઝાવાતના, પવને ધરે જે ધીરતા,
એવા ગુરૂ રામચંદ્રને, પંચાંગભાવે હું નમું... ૧

જેના જીવનમાં ઓપતી સાગરસમી ગંભીરતા,
જેના જીવનમાં દીપતી વળી ચંદ્રિકાની સૌમ્યતા,
ભારંડપંખી સારિખી વળી શોભતી અપ્રમત્તતા,
એવા ગુરૂ કનકચંદ્રને પંચાંગભાવે હું નમું... ૨

નિર્મલવરગુણ જ્ઞાન જેના,
જીવનમાં અતિ દીપતું,
સ્વાધ્યાય ધ્યાન નિમગ્ન મુખડું,
સદા પ્રસન્નતા વેરતું,
વળી ત્યાગ–વિરાગની મસ્તીમાં,
દિલડું અહોનિશ ઝુલતું,
ગુરૂવર્ય દર્શનશ્રીજીને, પંચાંગભાવે હું નમું... ૩

અનુસંધાન ૧ નું ચાલુ

| | |
|---|---|
| ચાલો સ્તવના કરીએ | ૫–૦૦ |
| વિતરાગ ગુણ દર્શન | ૫–૦૦ |
| આરતી સંગ્રહ | — |
| **હિન્દી પ્રકાશન** | **કિંમત** |
| પર્યુષણપર્વ કે પ્રેરક પ્રવચનો | ૩–૫૦ |
| જાગ મુસાફીર ! ભોર ભઈ | ૭–૦૦ |
| દીપ સે દીપ જલે | ૪–૫૦ |
| બીત ગઇ રાત જાગ ઉઠા પ્રભાત | ૫–૦૦ |
| પતન ઔર પ્રાયશ્ચિત | ૧૨–૫૦ |
| બુઝ ગઈ બત્તી જલ રહી જ્યોતિ | ૬–૦૦ |
| સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય હી હૈ | ૬–૦૦ |
| શાંત સુધારસ. ભાવાનુવાદ | ૨–૦૦ |
| સ્વાધ્યાય દોહન (સંસ્કૃત) | ૮–૦૦ |
| ત્રિષષ્ઠિ જિનેન્દ્ર સ્તવ સંદોહ ,, | ૨–૦૦ |
| ધર્મ કા મર્મ | ૬–૦૦ |
| નવપદ આરાધના વિધિ | ૭–૦૦ |

## પ્રાપ્તિ સ્થાન :


## શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિર

**મણીલાલ સરૂપચંદ ભાટીયા,**

કેસર નિવાસ, ગોળ શેરી, પાટણ–૩૮૪૨૬૫ (ઉ. ગુ.)

# શ્રી દાન-પ્રેમ-રામચ

## જૈન પૌષધશાળ




રંગસાગર બસ સ્ટેન્ડ સામે ✠ પી. ટી. કોલે

પ્રિન્ટર્સ : અલ્કેશ આર્ટ પાલડી, અમદાવાદ ૩૮૦૦૦

ન્દ્ર કનકચન્દ્ર સુરિ

અને ગુરુમંદિર



રોડ ✠ પાલડી ✠ અમદાવાદ-૩૮૦ ૦૦૭

ન : ૭૯૬૪૯

विश्वमंगल प्रकाशन मंदिर

पाटण (उ.गुजरात)

rinted : ALKESH ARTS * AHMEDABAD. PHONE : 79649